સુવિચાર

પરસ્પરનો સહયોગ અને શાંતિથી જ સમાજનું નિર્માણ થઇ શકે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



રાજકોટમાં કથીત પત્રકારોના બ્લેકમેઈલ કાંડનો પર્દાફાશઃ મુખ્ય સૂત્રધાર તબીબની ધરપકડ P-4

Year-16, Issue-287 ■ DATE : 21-03-2026 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ઈરાન સામે યુદ્ધ કરી ટ્રમ્પ ભેખડે ભરાયા



## યુદ્ધ મામલે અમેરિકા અસમંજસમાં : ટ્રમ્પના નિવેદનો વિરોધાભાષી : યુદ્ધ રોકવા અમેરિકી પ્રમુખનું કભી હા કભી ના

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

ઈરાન યુદ્ધ અંગેના ઉકેલ માટે અમેરિકાને કશું સૂઝતું નથી . ઈરાન સામેના યુદ્ધમાં અમેરિકા હવે ફસાઇ ગયું છે છે. તે કયારેક આગળ વધવાનું વિચારે છે, કયારેક પાછળ હટવાનું ખરેખર, ડોનાલ્ડ ટ્રમ્પ કયારેક ઈરાન યુદ્ધનો અંત લાવવા માંગે છે અને કયારેક નથી ઈચ્છતા. એક કલાકની અંદર, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધ પર બે મહત્વપૂર્ણ નિવેદનો આપ્યા. આ નિવેદનો એકબીજાથી વિરોધાભાસી છે. પ્રથમ, તેમણે સ્પષ્ટપણે કહ્યું કે તેઓ ઈરાન સાથેના યુદ્ધમાં યુદ્ધવિરામ ઈચ્છતા નથી. જો કે, થોડા સમય પછી, તેમણે કહ્યું કે ઈરાન યુદ્ધનો અંત આવવો જોઈએ. ઈરાન અને અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધ ૨૮ ફેબ્રુઆરીથી ચાલી રહ્યું છે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે યુદ્ધવિરામની શકયતાને ફગાવી દીધી, અને કહ્યું કે યુદ્ધના મેદાનમાં વોશિગ્ટનનો હાથ ઉપર છે, પરંતુ તે તેની લશ્કરી કાર્યવાહી બંધ કરવા તૈયાર નથી. ટ્રમ્પે વારંવાર કહ્યું છે કે ઈરાને બિનશરતી શરણાગતિ સ્વીકારવી જોઈએ અને તે નબળી ડીલને સ્વીકારશે નહીં. યુએસ પ્રમુખ ટ્રમ્પનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઈરાનના નવા સર્વોચ્ચ નેતા, મોજતબા ખામેનીએ ઈરાન માટે વિજયનો દાવો કર્યો છે.

ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસ ખાતે મીડિયા સાથે વાત કરી હતી. આ દરમિયાન, તેમણે કહ્યું, આપણે વાટાઘાટો કરી શકીએ છીએ, પરંતુ હું યુદ્ધવિરામ ઈચ્છતો નથી. જ્યારે તમે બીજી બાજુ તમે નાશ કરી રહ્યા છો ત્યારે તમારી પાસે યુદ્ધવિરામ નથી... અમે તે કરવાનું વિચારી પણ રહ્યા નથી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે અમેરિકા હાલમાં મજબૂત સ્થિતિ-માં છે અને ઈરાન ભારે નુકસાન સહન કરી રહ્યું છે. આમ, ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે ઈરાનની સેના લગભગ નાશ પામી છે, તેથી હવે અટકાવાનો કોઈ અર્થ નથી.

પરંતુ થોડા સમય પછી, ડોનાલ્ડ ટ્રમ્પે યુ-ટર્ન લીધો. તેમણે પોતાનું વલણ બદલ્યું અને કહ્યું કે યુદ્ધ હવે સમાપ્ત થવું જોઈએ. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેઓ ઈરાન યુદ્ધ સમાપ્ત કરવાનું વિચારી રહ્યા છે. તેમણે કહ્યું કે અમેરિકા તેના ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવાની ખૂબ નજીક આવી રહ્યું છે. તેથી, અમેરિકા ઈરાન યુદ્ધમાં તેની લશ્કરી કાર્યવાહી ઘટાડવાનું વિચારી રહ્યું છે. જો કે, તેમણે હોર્મુઝ સ્ટ્રેટનો ઉપયોગ કરતા દેશોને જરૂર મુજબ તેને સુરક્ષિત અને પોલીસ કરવા વિનંતી કરી. આ પરિવર્તન આશ્ચર્યજનક છે કારણ કે થોડા કલાકો પહેલા, તેઓ યુદ્ધવિરામની વિરુદ્ધ હતા.


ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝ પર અમેરિકાનું વલણ સ્પષ્ટ કર્યું. તેમણે કહ્યું કે હોર્મુઝ સ્ટ્રેટનો ઉપયોગ કરતા અન્ય દેશોએ જરૂર મુજબ તેનું રક્ષણ અને સુરક્ષા કરવી જોઈએ, અમેરિકાએ નહીં. તેમણે ઉમેર્યું, જો પૂછવામાં આવે તો, અમે આ દેશોને હોર્મુઝમાં તેમના પ્રયાસોમાં મદદ કરીશું, પરંતુ ઈરાની ખતરો દૂર થયા પછી આ જરૂરી ન હોવું જોઈએ.


નોંધનીય છે કે ઈરાન યુદ્ધ ૨૮ ફેબ્રુઆરીએ શરૂ થયું હતું. તે દિવસે, અમેરિકા અને ઈઝરાયલે સંયુકત રીતે ઈરાન પર હુમલો કર્યો હતો. ઈરાનના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ અલી ખામેની માર્યા ગયા હતા. અમેરિકા અને ઈઝરાયલે ઈરાનના પરમાણુ સુવિધાઓ પર પણ હુમલો કર્યો હતો.

## હોર્મુઝ મામલે અમેરિકાએ ઈરાન સામે ઘૂંટણ ટેકવ્યા

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભયાનક યુદ્ધને કારણે સમગ્ર વિશ્વ અત્યારે ગંભીર ઉર્જા સંકટનો સામનો કરી રહ્યું છે. મધ્ય પૂર્વમાં ત્રાહિમામ પોકારી ઉઠ્યો છે અને ખાડી દેશોમાં હડકંપ મચેલો છે. તેલ અને ગેસના પ્લાન્ટ્સ હવે સુરક્ષિત નથી, અને ભારત સહિત અનેક દેશોમાં ઈંધણની અછત વર્તાવા લાગી છે. આ મહાસંકટ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક એવું નિવેદન આપ્યું છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે અમેરિકાએ ઈરાન સામે ઘૂંટણ ટેકી દીધા છે. ડોનાલ્ડ ટ્રમ્પ, જેઓ અત્યાર સુધી ઈરાનને ખતમ કરવાની મોટી-મોટી વાતો કરી રહ્યા હતા, તેમણે હવે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ સ્ટ્રેટ ઓફ હોર્મુઝને મુક્ત કરાવવાની જવાબદારી લેવાનો ઈનકાર કરી દીધો છે. ટ્રમ્પના આ નિવેદનને ઈરાન સામે અમેરિકાની મોટી હાર અને સરન્ડર તરીકે જોવામાં આવે છે.




## લોહી વહેતું હોય ને લોકો વીડિયો ઉતારે છે', સોશિયલ મીડિયા 'ટ્રાયલ' પર સુપ્રીમ કોર્ટની ચિંતા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વીડિયો અપલોડ કરવાની વધતી જતી ઘેલછા અને તેનાથી ન્યાયિક પ્રક્રિયા પર પડતી નકારાત્મક અસરો અંગે સુપ્રીમ કોર્ટે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે શુક્રવારે મહત્વપૂર્ણ અવલોકન કરતા કહ્યું કે, મોબાઈલ રાખનાર દરેક વ્યક્તિ અત્યારે મીડિયા બની ગઈ છે, જે આરોપીઓની નિષ્પક્ષ સુનાવણી માટે મોટો ખતરો છે.

જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની બેન્ચે એક જનહિત અરજીની સુનાવણી દરમિયાન જણાવ્યું કે, જ્યારે રસ્તા પર કોઈ અકસ્માત થાય છે અથવા કોઈ વ્યક્તિ લોહીલુહાણ હાલતમાં હોય છે, ત્યારે લોકો તેની મદદ કરવાને બદલે 'કન્ટેન્ટ' બનાવવા માટે મોબાઈલ કાઢીને વીડિયો ઉતારવા લાગે છે. આ એક સંક્રામક રોગ જેવી વૃત્તિ બની ગઈ છે.

અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, પોલીસ ધરપકડ કરાયેલા આરોપીઓના ફોટા અને વીડિયો પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર અપલોડ કરે છે. આનાથી જનતાના મનમાં પૂર્વગ્રહ બંધાય છે અને જ્યારે પુરાવાના અભાવે આરોપી નિર્દોષ છૂટે છે, ત્યારે લોકો ન્યાયતંત્ર પર સવાલ ઉઠાવે છે.

જસ્ટિસ બાગચીની ટિપ્પણી ''પોલીસે બ્રીફિંગ દ્વારા આરોપીઓ સામે પૂર્વગ્રહ પેદા ન કરવો જોઈએ. ટીવી ચેનલો છતાં અમુક હદ સુધી સંયમિત છે, પરંતુ સોશિયલ મીડિયાનું એટોમાઇઝ્ડ સોશિયલ મીડિયા મોટી સમસ્યા છે.''

સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ આકરા શબ્દોમાં કહ્યું કે, સોશિયલ મીડિયા પર એવા ટેબ્લોઇડ્સ (પેજ/ચેનલો) છે જેમને ટૂંકમાં બ્લેકમેલર્સ કહી શકાય. ચીફ જસ્ટિસે પણ ઉમેર્યું કે, નાના શહેરો અને ગામડાના લોકો મીડિયાકર્મી હોવાનું નકલી ઓળખપત્ર બતાવીને પોતાના વાહનો પર ખોટા લખાણો પ્રદર્શિત કરે છે.

## ગુજરાત દેશનું સમૃદ્ધ રાજય બન્યું : ૫૩ લાખથી વધુ કાર અને જીપનું રજીસ્ટ્રેશન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુજરાત એ દેશનું સમૃદ્ધ રાજય બની રહ્યું છે તે વચ્ચે રાજયમાં હવે દરેક પરિવારના પાસે ખુદની કાર હોય તે દિવસો દુર નથી અને આ સ્થિતિ-માં તેણે દિલ્હી જેવા સમૃદ્ધ રાજયને પાછળ રાખી સૌથી વધુ કાર-જીપ રજીસ્ટ્રેશનમાં ટોચના પાંચ રાજયોમાં ત્રીજુ સ્થાન હાંસલ કર્યુ છે.

રાજયમાં કાર અને જીપની નોંધણી (રજીસ્ટ્રેશન) ૫૦ લાખના આંકડાને પાર કરી ગયુ છે અને હવે રાજયના આરટીઓ પાસે નોંધાયેલી કાર-જીપનો આંકડો ૫૩ લાખને પણ વટાવી ગયો છે અને તે રાષ્ટ્રીય સરેરાશથી પણ વધુ છે. દેશમાં કાર ઉત્પાદન-નિકાસમાં પણ ગુજરાતનું સ્થાન અવલ્લ બની રહ્યું છે.



સાણંદ પાસે મારૂતી સહિતની કાર કંપનીઓના ઉત્પાદન પ્લાંટ છે અને નિકાસ માટે મુંદ્રા બંદર છે તો ઓટો પાર્ટસ ઉદ્યોગ પણ હરિયાણા-દિલ્હી બાદ ગુજરાતમાં સૌથી વધુ તૈયાર થાય છે પણ હાલમાં જ પ્રસિદ્ધ થયેલા ગુજરાતના આર્થિક-સામાજીક રીવ્યુ મુજબ તા.૩૧ માર્ચ ૨૦૨૫ના ડેટા મુજબ રાજયમાં ૪૯.૫ લાખ કાર-જીપ નોંધાયા હતા પણ તે બાદ વધુ ૬.૫૦ લાખ કાર-જીપની નોંધણી થઈ છે.

આમ ૫૦ લાખના આંકડાને પાર કરી રાજયમાં ૫૩ લાખ જેટલી કાર-જીપ નોંધાઈ છે. જો કે દેશમાં આ માટે પ્રથમ નંબરે મહારાષ્ટ્ર છે જે કુલ ૭૦-૮૦ લાખ નોંધાયેલી કાર-જીપ ધરાવે છે તો રસપ્રદ બાબત એ છે કે ઉતરપ્રદેશ વસતિ અને વિસ્તારની દ્રષ્ટિએ દેશનું સૌથી મોટું રાજય હોવા છતાં પણ તે કાર-જીપ રજીસ્ટ્રેશનમાં મહારાષ્ટ્રની પાછળ અને ગુજરાતથી થોડુ જ આગળ છે.

આ રાજયના કુલ ૫૫.૫ લાખ કાર-જીપ નોંધાયા છે તો ચોથા નંબરે દેશના આઈટીનું હબ ગણાતા કર્ણાટક છે. જયાં ૪૯.૫ લાખ નોંધાયેલ કાર-જીપ છે અને પાંચમા નંબરે દિલ્હી આવે છે જે ૪૩.૯ લાખ કાર-જીપ ધરાવે છે.

## ઉંચા તાપમાનને લીધે ભારતમાં હાર્ટએટેક - ડાયાબિટીસનું જોખમ વધશે

બદલાતા હવામાનની અસર હવે ફક્ત તાપમાન સુધી મર્યાદિત નથી રહી; તે લોકોના દિનચર્યા અને સ્વાસ્થ્યને પણ અસર કરી રહી છે. જ્યારે પહેલા હવામાન સંતુલિત રહેતું હતું અને શિયાળો, ઉનાળો અને વરસાદનું સ્પષ્ટ ચક્ર રહેતું હતું, હવે ગરમીની અસર વર્ષના મોટાભાગના સમય સુધી રહે છે. આ ફેરફાર લોકોની શારીરિક પ્રવૃત્તિઓને પણ અસર કરવા લાગ્યો છે. તાજેતરમાં પ્રતિષ્ઠિત મેડિકલ જર્નલ ધ લેન્સેટ ગ્લોબલ હેલ્થમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં ચેતવણી આપવામાં આવી છે કે વધતા તાપમાનને કારણે, આગામી વર્ષોમાં લાખો લોકો શારીરિક રીતે નિષ્ક્રિય થઈ શકે છે. ખાસ કરીને ભારત જેવા ગરમ વાતાવરણવાળા દેશોમાં તેની અસર વધુ ગંભીર હોઈ શકે છે. આ રિપોર્ટમાં ૧૫૬ દેશોના ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. અભ્યાસ મુજબ, જ્યારે કોઈ પ્રદેશનું સરેરાશ માસિક તાપમાન ૨૭.૮ ડિગ્રી સેલ્સિયસથી વધી જાય છે, ત્યારે લોકોની શારીરિક પ્રવૃત્તિ આપમેળે ઘટી જાય છે. ગરમી અને ભેજને કારણે લોકો બહાર જવાનું અને કસરત કરવાનું ટાળી શકે છે.

## જાહેર રસ્તા અને ફુટપાથ પર ફેરિયાઓના દબાણ અને વેચાણ ન ચાલેઃ સુપ્રિમ

### અમદાવાદના ઐતિહાસિક ભદ્ર પરિસરના કેસમાં યથાવત સ્થિતિ જાળવવાનો આદેશ



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

મ્યુનિસિપલ કોર્પોરેશન માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. સુપ્રીમ કોર્ટે શહેરના ઐતિહાસિક ભદ્ર પરિસરમાં 'સ્ટેટસ ક્વો' એટલે કે યથાસ્થિતિ જાળવી રાખવાનો મહત્વનો આદેશ આપ્યો છે. આ સાથે જ કોર્ટે જાહેર રસ્તાઓ અને ફૂટપાથ પર કોઈપણ પ્રકારના ફેરિયાઓના દબાણ અથવા વેચાણ પ્રવૃત્તિઓ પર કડક પ્રતિબંધ લાદી દીધો છે.

ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી ત્રણ જજોની ખંડપીઠે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દાખલ કરવામાં આવેલી સ્પેશિયલ લીવ પિટિશન પર સુનાવણી કરતા આ નિર્દેશ આપ્યા હતા.

સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય ગુજરાત હાઈકોર્ટના ૧૩ માર્ચ ૨૦૨૬ના તે ચુકાદા પર રોક સમાન છે, જેમાં હાઈકોર્ટે ફેરિયાઓને ફરી બેસવાની મંજૂરી આપી હતી. હાઈકોર્ટના આદેશ મુજબ આગામી શનિવાર, ૨૧ માર્ચથી ફેરિયાઓ માટે જગ્યાઓ ફાળવવાની પ્રક્રિયા શરૂ થવાની હતી, પરંતુ હવે સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપ બાદ આ પ્રક્રિયા સ્થગિત થઈ ગઈ છે.

કોર્ટમાં AMC તરફથી પક્ષ રજૂ કરતા સોલિસિટર જનરલએ દલીલ કરી હતી કે ભદ્ર વિસ્તાર અમદાવાદનો સૌથી વ્યસ્ત અને ઐતિહાસિક રીતે સંવેદનશીલ વિસ્તાર છે. અહીં રસ્તાઓ પર ફેરિયાઓને મંજૂરી આપવાથી જાહેર સલામતી અને ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ શકે છે.

કોર્પોરેશને કોર્ટનું ધ્યાન દોર્યું હતું કે, અગાઉ અહીં ૧,૫૦૦થી વધુ ફેરિયાઓ રસ્તાઓ અને ફૂટપાથ રોકીને બેસતા હતા, જેના કારણે રાહદારીઓને ચાલવામાં મુશ્કેલી પડતી હતી અને એમ્બ્યુલન્સ કે ફાયર બ્રિગેડ જેવા ઈમરજન્સી વાહનો માટે પણ રસ્તો બચતો નહોતો.

સુપ્રીમ કોર્ટે પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લેતા આદેશ આપ્યો છે કે ઓક્ટોબર ૨૦૨૫થી AMC દ્વારા જે દબાણમુક્ત અભિયાન ચલાવવામાં આવ્યું છે, તે સ્થિતિ હાલમાં યથાવત રાખવામાં આવે. આ ચુકાદાથી ભદ્ર પરિસરના જાહેર રસ્તાઓ અને ફૂટપાથ દબાણમુક્ત રહેશે, જેનાથી વાહનવ્યવહાર અને રાહદારીઓના અધિકારોનું રક્ષણ થશે. હવે આ મામલે વધુ સુનાવણી ન થાય ત્યાં સુધી ભદ્ર પ્લાઝામાં ફેરિયાઓના પુનઃવસવાટ કે નવી કોઈ પ્રવૃત્તિ પર રોક રહેશે.

કેસની વિગતો અનુસાર અમદાવાદના ભદ્ર વિસ્તારમાંથી પાથરણા વાળાઓને દૂર કરવાના વિવાદમાં થયેલી જાહેરહિતની અરજીનો ગત સપ્તાહે ચુકાદો જાહેર કરવામાં આવ્યો હતો જેમા હાઇકોર્ટે નોધ્યું છે કે, AMCએ સ્ટ્રીટ વેન્ડર્સ એક્ટનો અમલ કર્યો નથી.

## સાયબર માફિયાઓ પર લગામ કસવા કેન્દ્ર સરકારનું મહત્વનું પગલુ

### ડીજીટલ એરેસ્ટમાં વપરાતા ડિવાઈસ જ બ્લોક કરાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં લોકોને ડીજીટલ એરેસ્ટ કરીને નાણાં પડાવતા સાઇબર માફીયાઓ પર લગામ કસવા માટે કેન્દ્ર સરકારે એક મહત્વનું કદમ ઉઠાવ્યું છે. ડીજીટલ એરેસ્ટ માટે વપરાયેલા ડીવાઇસ (ફોન) આઇડીને જ બ્લોક કરી દેવા વોટ્સએપને આદેશ કરવામાં આવ્યો છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે નિયુક્ત કરેલી ઉચ્ચ સ્તરીય ઇન્ટર-ડીપાર્ટમેન્ટલ કમીટીએ ડીજીટલ એરેસ્ટના બનાવો રોકવા માટે મહત્વની સુચના જારી કરી છે. મેટાની માલિકીને આપેલા આદેશમાં ડીજીટલ એરેસ્ટમાં ઉપયોગમાં લેવાયેલા ડિવાઇસની આઇડી બ્લોક કરવા ઉપરાંત સ્કાયપે જેવા સુરક્ષા ફીચર્સ ઉમેરવા તથા એન્ડ્રોઇડ સિસ્ટમમાં વપરાતી એપીકે ફાઇલ ડીટેક્ટ કરવાની ટેકનોલોજી અપનાવવા કહ્યું છે.

સૂત્રોના કહેવા પ્રમાણે મેટાએ આ સુચનાનું પાલન કરવાનું સ્વીકારી લીધું છે અને તે માટેની પ્રક્રિયા પણ શરૂ કરી દીધી છે. વોટ્સએપના અધિકારીઓ સાથે રૂબરૂ મુલાકાત ગોઠવવામાં આવી હતી. તેમના દ્વારા કંપનીની ટેકનોલોજી, ડીટેન્શન સિસ્ટમ, સુરક્ષા મિકેનિઝમની વિસ્તૃત માહિતી પુરી પાડવામાં આવી હતી. ગ્રાહકોની સુરક્ષા માટે વધુ કદમ ઉઠાવવાની સુચનાનું પાલન કરવાનું સ્વીકાર્યું હતું.

સરકારના સીનીયર અધિકારીએ કહ્યું કે સાઇબર માફીયાઓ જે ડિવાઇસમાંથી ડીજીટલ એરેસ્ટનું કૃત્ય આચરે તે ડિવાઇસનો ફરી ઉપયોગ ન કરી શકે તે માટે ડિવાઇસની આઇડી જ બ્લોક કરી નાખવાનો આદેશ કરાયો છે.

## તા.૧ એપ્રિલથી ટેકસ સિસ્ટમમાં અનેક ફેરફાર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ દ્વારા 'ઈન્કમ ટેક્સ નિયમ, ૨૦૨૬' નોટિફાય કરવામાં આવ્યા છે. આ નવા નિયમો ૧ એપ્રિલ ૨૦૨૬ થી અમલમાં આવશે. આ ફેરફારોમાં પગારદાર કર્મચારીઓને મળતા એલાઉન્સ અને સર્વિસીસના ટેક્સેશનમાં મોટો સુધારો કરવામાં આવ્યો છે.



જૂની ટેક્સ વ્યવસ્થા પસંદ કરનારાઓ માટે હવે હાઈ HRA છૂટ માટે અમદાવાદ અને પુણે જેવા શહેરોને પણ સામેલ કરાયા છે. મુંબઈ, દિલ્હી, કોલકાતા, ચેન્નાઈ, હૈદરાબાદ, પુણે, અમદાવાદ અને બેંગલુરુમાં રહેતા લોકો પગારના ૫૦% સુધી એક્ઝેમ્પશન ક્લેમ કરી શકશે. અન્ય શહેરો માટે આ મર્યાદા ૪૦% રહેશે. નવી ટેક્સ વ્યવસ્થામાં ની કોઈ છૂટ મળશે નહીં.

બાળકોના અભ્યાસ પાછળ થતા ખર્ચમાં રાહત આપવા માટે સરકારે વર્ષો જૂની લિમિટમાં મોટો વધારો કર્યો છે. હવે ૧૦૦ ને બદલે ૩૦૦૦ પ્રતિ માસ (મહત્તમ બે બાળકો માટે) ટેક્સ ફ્રી રહેશે. ૩૦૦ થી વધારીને ૯૦૦૦ પ્રતિ માસ કરવામાં આવ્યું છે.

ઓફિસિયલ અને પર્સનલ ઉપયોગ માટે મળતી કારના ટેક્સેશનના નિયમો અપડેટ થયા છે. ૧.૬ લિટર સુધીનું એન્જિન ૫૦૦૦ પ્રતિ માસ + ૩૦૦૦ ડ્રાઈવર માટે.૧.૬ લિટરથી વધુ એન્જિન ૭૦૦૦ પ્રતિ માસ + ૩૦૦૦ ડ્રાઈવર માટે. જો કર્મચારી પોતાની કાર વાપરે અને કંપની ખર્ચ આપે, તો એન્જિનની ક્ષમતા મુજબ ૫૦૦૦ થી ૭૦૦૦ બાદ કરીને બાકીની રકમ ટેક્સેબલ ગણાશે.

નાણાકીય વર્ષ દરમિયાન કુલ ગિફ્ટ કે વાઉચરની કિંમત ૧૫,૦૦૦ થી વધશે તો તે ટેક્સેબલ ગણાશે. ફૂડ ઓફિસમાં મળતું ફ્રી ભોજન કે ફૂડ કૂપન્સ ૨૦૦ સુધી ટેક્સ ફ્રી રહેશે. નવી ટેક્સ સિસ્ટમમાં પણ ફૂડ કૂપન્સનો લાભ મળશે. ક્લીનર, માળી કે ચોકીદાર જેવી સુવિધાઓ માટે કંપની જે પગાર ચૂકવે તે ટેક્સેબલ ગણાશે.

## વિશ્વસ્તરે ક્રુડ ઓઈલની કિંમત ઘટવાની સંભાવના

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વિશ્વભરમાં ક્રૂડ ઓઇલના આસમાને પહોંચેલા ભાવ અને પુરવઠાની તીવ્ર અછતને ધ્યાનમાં રાખીને અમેરિકાએ ઈરાની તેલ પરના પ્રતિબંધોમાં ૩૦ દિવસની હંગામી છૂટછાટ આપી છે. યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે શુક્રવારે આ માહિતી આપી. છેલ્લા બે અઠવાડિયામાં આ ત્રીજી વખત છે જ્યારે અમેરિકાએ તેલ પ્રતિબંધો હળવા કર્યા છે. અગાઉ, રશિયન તેલ પર પણ આવી જ રાહત આપવામાં આવી હતી.

ટ્રમ્પ વહીવટીતંત્રે યુએસ ટ્રેઝરી વિભાગની વેબસાઇટ પર ૨૦ માર્ચથી ૧૯ એપ્રિલ, ૨૦૨૬ વચ્ચે જહાજોમાં લોડ થયેલ ઈરાની ક્રૂડ ઓઇલ અને અન્ય પેટ્રોલિયમ ઉત્પાદનોના વેચાણને મંજૂરી આપતો સામાન્ય લાઇસન્સ જારી કર્યો છે.




ઇઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધ વચ્ચે, વૈશ્વિક સ્તરે તેલ સંકટ યથાવત છે પરિણામે ક્રૂડ ઓઇલના ભાવ રેકોર્ડ ઊંચા સ્તરે પહોંચી ગયા છે. જોકે, પાછળથી યુએસ વહીવટીતંત્રના વલણમાં નરમાઈને કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થયો છે. હવે તેલ સંકટ વચ્ચેયુએસએ બીજો આશ્ચર્યજનક નિર્ણય લીધો છે. ટ્રમ્પ વહીવટીતંત્રે સમુદ્રમાં ફસાયેલા ઈરાની તેલ જહાજોના વેચાણને અસ્થાયી રૂપે અધિકૃત કરી દીધું છે. આ પગલા પાછળ યુએસનો ધ્યેય વૈશ્વિક ઉર્જા બજારમાં સ્થિરતા જાળવવાનો છે. યુએસના આ પગલાથી ક્રૂડ ઓઇલના ભાવમાં નરમાઈ આવવાની અપેક્ષા છે.

યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે એકસ પર છૂટની જાહેરાત કરી. એકસ પરની એક પોસ્ટમાં, સ્કોટ બેસન્ટે જણાવ્યું હતું કે, ટ્રેઝરી વિભાગ સમુદ્રમાં ફસાયેલા ઈરાની તેલના વેચાણ માટે ટૂંકા ગાળાની અધિકૃતતા જારી કરી રહ્યું છે. તેમણે તેને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની વ્યૂહરચનાનો ભાગ ગણાવ્યો, તેને 'ઓપરેશન એપિક ફ્યુરી ગણાવ્યું. આ કામગીરી હેઠળ, યુએસ ઈરાન સામે આર્થિક અને લશ્કરી દબાણ વધારી રહ્યું છે, જેને વૈશ્વિક આતંકવાદી માનવામાં આવે છે. શનિવારે સવારે, બ્રેન્ટ ક્રૂડ ડોલર ૧૧૨.૨ પ્રતિ બેરલ અને ડબલ્યુટીઆઇ ક્રૂડ ડોલર ૯૮.૨૩ પ્રતિ બેરલ જોવા મળ્યું

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોરબીના શનાળા હાઈવે પર નબળા સ્પીડ બમ્પને લઈને સ્થાનિકોએ ચક્કાજામ કર્યો






**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના શનાળા હાઈવે પર સ્થાનિકોએ રોડ ઉપર મુકેલા નબળા ગુણવત્તાવાળા સ્પીડ બમ્પને કારણે ચક્કાજામ કર્યો હતો. અનેકો વાર રજુઆત કરવા છતાં લોકોના અવરજવર માટે જોખમ ઊભું થતાં સ્થાનિકો દ્વારા ચક્કાજામ કરવામાં આવ્યો હતો. ત્યારે ટ્રાફિક જામ સર્જાતા, પોલીસે સ્થળ ઉપર આવી સમજાવટ કરી, પરંતુ સ્થાનિકોએ રસ્તો ન ખોલતા અંતે ૩૦-૪૦ જેટલા પોલીસ જવાનોએ સ્થળ પર પહોંચી હસ્તક્ષેપ કરી ટ્રાફિકને પુનઃ કાર્યરત કર્યો હતો. ત્યારે સ્થાનિકોએ બમ્પનું કાર્ય ન થાય ત્યાં સુધી વિરોધ ચાલુ રાખવાની ચેતવણી આપી છે.

મોરબીના શનાળા હાઈવે પર લોકોએ નબળા ગુણવત્તાવાળા બમ્પને લઈને ગુસ્સો વ્યક્ત કરી ચક્કાજામ કર્યો હતો. પહેલાં મોટા બમ્પને કારણે અવારનવાર ટ્રાફિક જામ સર્જાતા તંત્ર દ્વારા નાના બમ્પ મુકવામાં આવ્યા હતા, પરંતુ સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ બમ્પ નબળી ગુણવત્તા વાળા હોય તે ટૂટી ગયા, જેના કારણે વાહનચાલકો અને ગામવાસીઓ ઉપર અકસ્માતનું જોખમ વધ્યું હતુ. આ માટે સ્થાનિકો દ્વારા અનેકો વાર રજુઆત કરવા છતાં પણ તંત્ર દ્વારા કોઈ પગલાં ન લેવાતા સ્થાનિકો રાજપર ચોકડી પાસે એકઠા થઈ ગયા અને ચારે તરફ વાહનવ્યવહાર રોકી દીધો, જેનાથી હાઈવે પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. બનાવની જાણ થતાં ૩૦-૪૦ પોલીસ જવાનોએ અને અધિકારીઓએ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પ્રાથમિક રીતે પોલીસ દ્વારા સ્થાનિકોને સમજાવટ કરવામાં આવી કે ટ્રાફિક ખોલી દેવું, પરંતુ સ્થાનિકોએ બમ્પનું કાર્ય ન થાય ત્યાં સુધી રસ્તો ન ખોલવાનું નક્કી કર્યું હતું. અંતે, પોલીસે હસ્તક્ષેપ કરી ચક્કાજામ હટાવ્યો અને વાહનવ્યવહારને પુનઃસંચાલિત કરવામાં આવ્યો હતો. ત્યારે સ્થાનિકોએ આ અંગે સ્પષ્ટ સંકેત આપ્યો કે જ્યા સુધી બમ્પની યોગ્ય કામગીરી કરવામાં નહીં આવે, ત્યાં સુધી આવનારા દિવસોમાં પણ વિરોધ ચાલુ રાખવા ચેતવણી આપી હતી.

# મોરબીમાં ફૂડ શાખાની મેગાડ્રાઈવઃ ખાદ્ય પદાર્થના નમૂનાઓ લેવાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા ફૂડ શાખા દ્વારા શહેરમાં હોટલ અને નાસ્તા ગલીમાં ૧૬ ખાદ્ય પદાર્થના નમૂનાઓ લેવામાં આવ્યા અને લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલાયા. જેમાં ફૂડ વિભાગ દ્વારા સ્પષ્ટ કરાયું છે કે, ખાદ્ય પદાર્થના સેમ્પલમાં જો યોગ્ય પ્રમાણ ન મળતાં નિયમો મુજબ કાર્યવાહી થવાની રહેશે.

મોરબી મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા જીલ્લા ફૂડ અધિકારી નીરવભાઈ ચૌધરી અને ફૂડ સેફટી ઈન્સ્પેક્ટર હિમાનીબેન ત્રિવેદીની ઉપસ્થિતિમાં મોરબી શહેરના નેહરુ ગેટ નાસ્તા ગલી, શનાળા રોડ, ભક્તિનગર સર્કલ નજીક હોટલ અને રેસ્ટોરન્ટના ખાદ્ય પદાર્થના નમૂનાઓ લેવા મેગાડ્રાઈવ કરવામાં આવી હતી. કુલ ૧૬ ખાદ્ય




પદાર્થમાંથી ૧૦ નમૂનાઓ લેવામાં આવ્યા, જેમાં ૮ સર્વેલન્સ અને ૨ એન્ફોર્સમેન્ટ નમૂનાઓ છે. નમૂનાઓમાં વિવિધ હોટલ્સમાંથી બટેકાનું શાક, ઢોકડીનું શાક, સેવટમેટાનું શાક, પાણીપુરીનું પાણી, ભેળ, મીક્ષભજીયા, પંજાબી શાકની ગ્રેવી અને દાળ સામેલ છે. તમામ નમૂનાઓ લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. જો નમૂનાઓ ફેલ થાય તો , ૨૦૦૬ અનુસાર કડક કાર્યવાહી કરવામાં આવશે.

ડ્રાઈવ દરમિયાન ૭ કિલો ચટણી અને ૧૦ લીટર દાઝયા તેલનો નાશ કરવામાં આવ્યો, તેમજ હોટલમાં નાસ્તા માટે છાપેલા ૧૫ કિલો જથ્થાના ન્યુઝપેપરનો પણ નાશ કરવામાં આવ્યો હતો. ઉપરાંત, ફૂડ શાખા દ્વારા ૩૦ પેઢી ઉપર તપાસ કરવામાં આવી, જેમાં ૧૩ પેઢી માટે લાઈસન્સ અને હાઈજીન અંગે નોટિસ પાઠવવામાં આવી હતી.

# મોરબી મનપા દ્વારા સેવાસેતુ ૨.૦ કાર્યક્રમમાં અરજદારોના પ્રશ્નોના સ્થળ પર નિકાલ કરાયો




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સરકારના લોકકલ્યાણકારી અભિગમને છેવાડાના માનવી સુધી પહોંચાડવાના હેતુથી મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરી વિસ્તાર સેવાસેતુ ૨.૦ કાર્યક્રમનું આયોજન બે અલગ અલગ સ્થળ ઉપર જેમાં ૧)તાલુકા શાળા મણીમંદિર પાસે તેમજ ૨) વજેપર વાડી પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવ્યું હતું. ડેપ્યુટી કમિશનર અને આરોગ્ય અધિકારીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શહેરી જનોએ વિવિધ સરકારી યોજનાઓનો લાભ લીધો હતો અને બહોળા પ્રમાણમાં નાગરિકોની ઉપસ્થિતિ નોંધાય હતી.

સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત આવકના દાખલા, રેશનકાર્ડને લગતી કામગીરી, આધારકાર્ડ સુધારા, જન્મ પ્રમાણપત્ર, આરોગ્યલક્ષી કાર્ડ, મેડિસિન સારવાર, ઘરેલું વીજ જોડાણ તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના, ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજના, બેસ કનેક્શન પાસ, જેવા અન્ય સરકારી યોજનાઓના ફોર્મ અરજી સ્વીકારવાની સાથે સ્થળ પર જ નિકાલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. કાર્યક્રમનું પારદર્શક રીતે કામગીરી થાય અને સફળ આયોજન બનાવવા માટે મહાનગરપાલિકાનાં સ્ટાફ અને વિવિધ વિભાગના અધિકારીઓએ જહેમત ઉઠાવી હતી. અને તમામ વિભાગના કર્મચારીઓએ સંકલનપૂર્વક કામગીરી કરી હતી.

# મોરબીમાં કમોસમી વરસાદ અને વાવાઝોડાથી થયેલ નુકશાની માટે વળતર આપવા મુખ્યમંત્રીને રજુઆત

**મુખ્ય સમાચાર, મોરબી**

આમ આદમી પાર્ટીના પ્રદેશ જોઈન્ટ સેક્રેટરી કાંતિલાલ ડી. બાવરવા દ્વારા મુખ્યમંત્રીને લેખિત રજૂઆત આપી કમોસમી વરસાદ અને વાવાઝોડાથી થયેલ ખેડૂતો, ઉદ્યોગો અને સામાન્ય નાગરિકોના નુકશાન માટે વળતર આપવા માગણી કરી છે.

કાંતિલાલ ડી. બાવરવા દ્વારા મુખ્યમંત્રીને રજુઆતમાં જણાવાયું કે, તા.૧૯ માર્ચ ૨૦૨૬ના રોજ આવેલા કમોસમી વરસાદ અને વાવાઝોડાના કારણે સમગ્ર સૌરાષ્ટ્ર પંથકમાં ભારે તારાજી થઈ છે. ખેડૂતોના રવિ પાક, બાગાયતી પાક જેવા કે દાડમ, લીંબુ અને કેરી, તેમજ ઘઉં, રાયડો, જીરું અને એરંડાના પાકને વ્યાપક પ્રમાણમાં નુકશાન થયું છે. ઉદ્યોગ ક્ષેત્રમાં ફેક્ટરી બિલ્ડિંગના છાપરા ઉડ્યા છે અને માલને નુકશાન પહોંચ્યું છે,



જ્યારે સોલાર પેનલ પણ ખરાબ થયા છે. ઉપરાંત, છાપરા મકાનમાં રહેતા ગરીબ લોકોના ઘરોને નુકશાન થયું છે. ખાસ કરીને, જે લોકોના ઘર પર સોલર પેનલ લગાવવામાં આવ્યા હતા, તેમને પણ નુકશાન થયું છે. સ્થિતિને ધ્યાનમાં રાખીને રજુઆતમાં સરકારને વિનંતી કરવામાં આવી છે કે, આ મંદીના સમયમાં સમગ્ર વિસ્તારનું સર્વે કરીને દરેક નુકશાનગ્રસ્તોને યોગ્ય સહાય આપવામાં આવે તેવી માંગણી સાથે રજુઆત કરવામાં આવી છે.


# મોરબીમાં એલ.ઈ. કોલેજ નજીક રૂ.૮૧.30 લાખના ખર્ચે ભવ્ય હેરિટેજ ગાર્ડન બનાવાશે

## ઐતિહાસિક વિરાસત અને આધુનિક સુવિધાઓનું સંયોજન : વિદ્યાર્થી અને મુલાકાતીઓ માટે એક આકર્ષક જાહેર સ્થળ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા એલ.ઈ. કોલેજ નજીક રૂ.૮૧.૩૦ લાખના ખર્ચે ગાર્ડન ડેવલપમેન્ટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. હેરિટેજ થીમ સાથે સુસજ્જ આ ગાર્ડનમાં વોકવે, એમ્ફી થિયેટર, પથ્થરની બેઠકો, લાઈટિંગ અને ગ્રિનીંગની સુવિધાઓ ઉપલબ્ધ હશે, જે વિદ્યાર્થીઓ અને શહેરના નાગરિકો માટે અભ્યાસ અને મનોરંજનનું આદર્શ કેન્દ્ર બનશે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા એલ.ઈ. કોલેજ આસપાસના વિસ્તારમાં રૂ.૮૧.૩૦ લાખના અંદાજિત ખર્ચે ગાર્ડન ડેવલપમેન્ટનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. પ્રોજેક્ટમાં હેરિટેજ વિઝિટર સેન્ટરને મૂળભૂત ઈમારતની રચનાને જાળવી તૈયાર કરવામાં આવશે. ગાર્ડનમાં રેડ સોઈલ વોકવે બનાવવામાં આવશે, જે પદયાત્રીઓ અને વાહનો માટે સ્પષ્ટ માર્ગભેદ આપે છે. વિદ્યાર્થીઓ માટે અર્ધવર્તુળાકાર એમ્ફી થિયેટર અને હેરિટેજ થીમ આધારિત પથ્થરના બેંચો પણ મુકવામાં આવશે. રાત્રિના સમયે આકર્ષક દેખાવ માટે હેરિટેજ લેમ્પ પોસ્ટ સાથે આધુનિક




ઉર્જા બચાવતી એલઈડી લાઈટ્સ સ્થાપિત થશે. ગ્રીનરી અને લેન્ડસ્કેપિંગ માટે નાનાં-મોટાં છોડ, શ્રબ્સ અને ગ્રાઉન્ડ કવર પ્લાન્ટેશન કરવામાં આવશે. હેરિટેજ થીમ સાથે સુસંગત ઓછી ઊંચાઈની બાઉન્ડ્રી વોલમાં ઈન્ટિગ્રેટેડ લાઈટિંગની સુવિધા રહેશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી ગાર્ડન વિદ્યાર્થીઓ માટે અભ્યાસ અને મનોરંજનનું કેન્દ્ર બનશે, સાથે શહેરની સૌંદર્યવર્ધક ઓળખમાં વધારો કરશે તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબી મહાનગરપાલિકા શહેરમાં નવી એનિમલ હોસ્ટેલ બનાવશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરી રસ્તાઓ પર રખડતા પશુઓને નિયંત્રિત કરવા અને પશુ માલિકોને સરળતા આપવા મોરબી મહાનગરપાલિકા શહેરમાં નવા એનિમલ હોસ્ટેલ બનાવવાની પ્રક્રિયા હાથ ધરશે.

મોરબી મહાનગરપાલિકા ANCD વિભાગ દ્વારા માર્ચ ૨૦૨૫ થી રખડતા પશુઓને પકડવાની કામગીરી ચાલી રહી છે. શહેરમાં ગાય, ભેંસ, બકરી અને અન્ય પાલતું પશુઓને રાખવા માટેની જગ્યા ન હોવાને કારણે તેઓ અનેક વખત રોડ પર આવી જતા હોવાથી શહેરી જનતા માટે અડચણ અને ટ્રાફિક સમસ્યા ઉભી થઈ રહી છે. આ સમસ્યાનો નિકાલ લાવવા માટે મહાનગરપાલિકા દ્વારા નાની વાવડી અને સબ જેલ વિસ્તારમાં નવી એનિમલ હોસ્ટેલ બનાવવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ હોસ્ટેલમાં પશુ માલિકો પોતાના પશુઓને સાચવી અને જાળવી શકશે.



એનિમલ હોસ્ટેલ શરૂ થતાં પશુઓની રજીસ્ટ્રેશન પ્રક્રિયા, રજીસ્ટ્રેશન ફી અને નિયમો અંગેની વિગત જાહેર કરવામાં આવશે. મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ પશુ માલિકોને અપીલ કરવામાં આવી છે કે, પોતાના પશુઓનું રજીસ્ટ્રેશન સમયસર કરાવી લેવાનું યાદીમાં જણાવ્યું છે.

# મોરબી વાવડી ગામે પોલીસને જોઈ મોપેડ અને વિદેશી દારૂ મૂકી બે ઈસમો નાસી ગયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન વાવડી ગામથી મોઢેશ્વર મહાદેવ મંદિર વાળા કાચા રસ્તા ઉપર આવતા જ્યાં ડબલ સવારી જયુપીટર મોપેડ રજી.નં. જીજે-૩૬-એએન-૫૪૯૦ માં આવતા હોય ત્યારે પોલીસને દૂરથી આવતી જોઈ બુટલેગર કિશન છગનભાઈ ડાભી તથા સાજીદ ઉર્ફે ટેણી બન્ને રહે. મોરબી વાળા જયુપીટર રેઢું મૂકીને નાસી ભાગી ગયા હતા. ત્યારે પોલીસે મોપેડની તલાસી લેતા તેમાંથી ૮પીએમ વ્હિસ્કીની એક બોટલ કિ.રૂ.૧,૧૦૦/-મળી આવી હતી. જેથી પોલીસે મોપેડ તથા દારૂ સહિત રૂ.૩૬,૧૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી નાસી ગયેલ બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# મહેન્દ્રનગર ચોકડી નજીક કોમ્પ્લેક્ષના ત્રીજા માળે ઓફિસમાં જુગાર રમતા ૪ પકડાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં મહેન્દ્રનગર ચોકડી નજીક આવેલ કોમ્પ્લેક્ષમાં બી ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે રેઈડ કરી હતી. જ્યાં ઓફિસમાં જુગાર રમતા ચાર આરોપીઓને રોકડા રૂ.૫૦,૮૦૦/- સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા.

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકના સર્વેલન્સ ટીમે મળેલ બાતમીના આધારે મહેન્દ્રનગર ચાર રસ્તા પાસે આવેલા શુભ કોમ્પ્લેક્ષના ત્રીજા માળે ઓફિસ નં. ૩૨૭માં રેઈડ કરવામાં આવી હતી. જ્યાં ગંજીપત્તાના પાનાથી જુગાર રમતા ઓફીસ ધારક ધ્રુવભાઇ કાળુભાઇ માકાસણા ઉવ.૩૩ રહે.



સનરેજ વિલા જી-૩૦૧ નાની કેનાલ રોડ મોરબી, જયકિશનભાઇ ભરતભાઇ કલોલા ઉવ.૩૧ રહે. બંસી એપાર્ટમેન્ટ બ્લોક નં.૬૦૨ મોરબી, અંકિતભાઇ રણછોડભાઇ કણસાગરા ઉવ.૩૯ રહે,મોરબી-૨ ઉમા ટાઉનશીપ અવધ ફ્લેટ નં.૧૦૨ તથા સંજયભાઇ વિઠ્ઠલભાઇ સોરીયા ઉવ.૪૨ રહે.મોરબી રવાપર રોડ ગંગા દર્શન એપાર્ટમેન્ટ ફ્લેટ નં.૭૦૨ સહિત કુલ-૪ આરોપીઓને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. આ સાથે પોલીસે તેમની પાસેથી રૂ.૫૦,૮૦૦/-ની રોકડ રકમ કબ્જે કરી તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી-પુનાવાડા નવી ગુર્જર નગરી બસ સેવાનો પ્રારંભ




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એસટી ડેપો ખાતે મોરબીથી પુનાવાડા સુધી નવી ગુર્જર નગરી બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જનસુખાકારીને ધ્યાનમાં રાખીને શરૂ કરાયેલી આ સેવા દ્વારા મુસાફરોને વધુ સુવિધા મળશે.

મોરબી ડેપો ખાતે મોરબી-પુનાવાડા વચ્ચે નવી ગુર્જર નગરી બસ સેવા શરૂ કરવામાં આવી છે. જેને ભાજપના આગેવાનો તથા એસ.ટી. વિભાગના અધિકારીઓની હાજરીમાં લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાવેશભાઈ કણજારીયા, ભુપતભાઈ જારીયા, જયદીપભાઈ દેત્રોજા, અનિલભાઈ વરમોરા, કેતનભાઈ વિલપરા, કેયુરભાઈ પંડ્યા, રોહિતભાઈ કણજારીયા સહિત મોરબી ડેપો મેનેજર કુંપાવત અને એસ.ટી. સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. નવી બસ સેવા મોરબીથી દરરોજ સવારે ૭ વાગ્યે વાયા અમદાવાદ અને બાલાસિનોર માર્ગે પુનાવાડા જશે, જ્યારે પુનાવાડાથી બીજા દિવસે સવારે ૮.૩૦ વાગ્યે મોરબી માટે પરત ફરશે. આ નવી સેવા શરૂ થતા મુસાફરોને વધુ સુવિધા અને સરળ પરિવહન વ્યવસ્થા ઉપલબ્ધ બનશે.

# મોરબીના યુવા પત્રકાર રાકેશ પંડ્યાના જન્મદિવસે શુભેચ્છાઓનો વરસાદ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના યુવા અને સક્રિય પત્રકાર તરીકે ઓળખાતા તેમજ પરશુરામ યુવા ગ્રુપના ઉપપ્રમુખ રાકેશ પંડ્યાનો આજે જન્મદિવસ છે, ત્યારે રાકેશ પંડ્યા પોતાના નિર્ભય અને નિષ્પક્ષ પત્રકારત્વ માટે જાણીતા છે અને સામાજિક તેમજ જાહેર મુદ્દાઓ પર સક્રિય ભૂમિકા ભજવતા રહ્યા છે. તેમની સેવાભાવના અને કાર્યશૈલીને કારણે તેઓએ ટૂંકા સમયમાં જ વિશાળ મિત્રવર્તુળ અને લોકપ્રિયતા હાંસલ કરી છે. તેમના જન્મદિવસે તેમના મોબાઈલ નં. ૯૭૨૭૪ ૨૩૦૩૦ પર તેમજ સોશિયલ મીડિયા માધ્યમો દ્વારા અને રૂબરૂ મળી રાજકીય આગેવાનો, સામાજિક કાર્યકરો, સગા-વ્હાલા અને મિત્રવર્તુળમાંથી શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો છે. આ તકે મોરબી અબતક ટીમ દ્વારા પણ રાકેશ પંડ્યાને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી, તેઓ આવનાર વર્ષોમાં વધુ પ્રગતિના શિખરો સર કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# મોરબી ભાજપ કાર્યાલય કમલમ ખાતે વિવિધ મોરચાના હોદ્દેદારોનો અભિવાદન સમારોહ યોજાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા ભાજપ કાર્યાલય કમલમ ખાતે વિવિધ મોરચાના હોદ્દેદારોનો અભિવાદન સમારોહ ભવ્ય રીતે યોજાયો હતો. આ પ્રસંગે મોરબી જીલ્લા ભાજપના પ્રભારી ગજેન્દ્રભાઈ સક્સેના, જીલ્લા પ્રમુખ જયંતીભાઈ રાજકોટિયા તથા જીલ્લા મહામંત્રી નિર્મલભાઈ જારીયા, તપનભાઈ દવે અને ચતુરભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે ગુજરાત પ્રદેશ યુવા મોરચાના ઉપાધ્યક્ષ સુખદેવભાઈ દેલવાડિયા તેમજ વિવિધ મોરચાના પ્રમુખો અને મહામંત્રીઓએ હાજરી આપી કાર્યક્રમનું ગૌરવ વધાર્યું હતું. કાર્યક્રમ દરમિયાન હોદ્દેદારોનું સન્માન કરવામાં આવ્યું અને સંગઠનને વધુ મજબૂત બનાવવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



# મોરબી મહાપાલિકા દ્વારા રૂ.૧૧૩૨ કરોડનું જમ્બો બજેટ રજૂ કરાયું

## ગત વર્ષની સરખામણીમાં ધરખમ વધારો, ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી હેરિટેજ સુધીના વિકાસ કાર્યોને પ્રાથમિકતા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાએ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ.૧૧૩૨ કરોડનું જમ્બો બજેટ રજૂ કર્યું છે. માર્વેલસ મોરબી ૨.૦ થીમ હેઠળ રોડ, પાણી, ડ્રેનેજ, ગાર્ડન, હેરિટેજ અને સ્માર્ટ સુવિધાઓ સહિતના અનેક વિકાસ કાર્યોને પ્રાથમિકતા આપવામાં આવી છે. ખાસ કરીને નાગરિકોના ૬૪ સૂચનોનો સમાવેશ કરીને "સિટીઝન્સ બજેટ" પહેલને પણ પ્રોત્સાહન મળ્યું છે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું ભવ્ય બજેટ રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં ગત વર્ષના રૂ.૭૮૩ કરોડના બજેટની સરખામણીમાં નોંધપાત્ર વધારો કરીને રૂ.૧૧૩૨ કરોડનું બજેટ મંજૂર કરવામાં આવ્યું છે. આ વર્ષનું બજેટ માર્વેલસ મોરબી ૨.૦ થીમ હેઠળ શહેરના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે. આ બજેટમાં મૂડી ખર્ચ અંદાજે રૂ.૯૭૪ કરોડ અને મહેસુલી બજેટ રૂ.૧૭૬ કરોડ રાખવામાં આવ્યું છે, જ્યારે રૂ.૧૦.૮૫ કરોડ અનામત તરીકે ફાળવવામાં આવ્યા છે. પાલિકાએ પારદર્શકતા વધારવા "સિટીઝન્સ બજેટ" નામની અનોખી પહેલ કરી, જેમાં નાગરિકો પાસેથી મળેલા ૧૪૯ સૂચનોમાંથી ૬૪ મહત્વના સૂચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વિકાસ કાર્યોમાં શહેરની કનેક્ટિવિટી સુધારવા રૂ.૫૫ કરોડના ખર્ચે ૬ નવા આઉટગ્રોથ રોડ બનાવવામાં આવશે. ઉપરાંત રૂ. ૭૦ કરોડના ખર્ચે ૨૨ નવા રસ્તાઓ અને જૂના રસ્તાઓનું રીસર્ફેસિંગ હાથ ધરાશે. પાણીની સમસ્યા ઉકેલવા રૂ.૪૯.૫૧ કરોડના ખર્ચે વોટર ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક અપગ્રેડ કરવામાં આવશે, જ્યારે ગટરના પાણીના નિરાકરણ માટે રૂ.૭૮ કરોડના ખર્ચે બે નવા બનાવાશે. માર્કેટ રીડેવલપમેન્ટ માટે રૂ.૩૫ કરોડ, વાઈટ ટોપિંગ રોડ માટે રૂ.૩૨.૫૭ કરોડ અને ડ્રેનેજ લાઈન વિકાસ માટે રૂ.૨૧.૯૭ કરોડ ફાળવવામાં આવ્યા છે. "વોકેબલ મોરબી" પ્રોજેક્ટ હેઠળ રૂ.૨૦ કરોડના ખર્ચે શહેરના મુખ્ય માર્ગોનું બ્યુટીફીકેશન કરવામાં આવશે. હેરિટેજ અને પ્રવાસન વિકાસ માટે નહેરુ ગેટથી દરબારગઢ સુધી હેરિટેજ વોક-વે તથા મણીમંદિરમાં ૩-ડી લાઈટ એન્ડ સાઉન્ડ શો શરૂ કરાશે. શહેરના ૨૪ સર્કલનું નવીનીકરણ અને ૯ મુખ્ય રસ્તાઓનું બ્યુટીફીકેશન પણ યોજાયું છે. આ સાથે નાગરિકોને હરિયાળુ અને આરામદાયક વાતાવરણ આપવા ૬ નવા ગાર્ડન, ૬ તળાવોના બ્યુટીફીકેશન, પોકેટ ગાર્ડન, બોટેનિકલ ગાર્ડન અને ઑક્સીજન પાર્ક વિકસાવાશે. સાથે જ નવી સ્ટ્રીટ લાઈટ્સ, ડાયનેમિક લાઈટિંગ અને મોર્ડન લાઈબ્રેરીઓના નિર્માણથી શહેરને આધુનિક સ્વરૂપ આપવામાં આવશે.

ક્રીડા ક્ષેત્રે કેસરબાગ ખાતે મિની સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ અને રખડતા પશુઓ માટે એનિમલ હોસ્ટેલ બનાવવાની પણ યોજના છે. વિભાગવાર ખર્ચમાં વોટર વર્ક્સ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને ડ્રેનેજ વિભાગને પ્રાથમિકતા આપવામાં આવી છે. આ રીતે મોરબી મહાનગરપાલિકાનું આ બજેટ શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પર્યાવરણ, પ્રવાસન અને નાગરિક સુવિધાઓના સર્વાંગી વિકાસ માટે દિશાસૂચક સાબિત થવાનું મનાય રહ્યું છે.

# મોરબીના ઘુંટુ ગામે માતાને ધમકી આપનાર પુત્ર સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ઘુંટુ ગામે કળયુગી પુત્રએ પોતાની સગી માતાને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી અને છરી બતાવી ધાક ધમકી આપતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. ત્યારે બનાવ બાદ માતા ભયભીત થઈ ઘર છોડીને બહાર નીકળી ગઈ હતી. બનાવ અંગે તાલુકા પોલીસે માતાની ફરિયાદને આધારે પુત્ર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધ્યો છે.

મોરબી તાલુકાના ઘુંટુ ગામે રામનગરી સોસાયટી વિસ્તારમાં રહેતા સુમિત્રાબેન પ્રેમજીભાઈ હરજીભાઈ ગોહીલે ઉવ.૪૭ મૂળ ઈંગરોડી ગામ તા.લખતર જી.સુ.નગર વાળાએ મોરબી ટુક પોલીસ મથકમાં પોતાના પુત્ર રોહિત પ્રેમજીભાઈ ગોહિલ સામે ગંભીર આરોપો સાથે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ ગત તા.૧૯ માર્ચની રાત્રે તેમનો પુત્ર રોહિત ગોહીલ ઘરે આવી ગંદી ગાળો બોલી તેમને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. ત્યારે ભયભીત થયેલ સુમિત્રાબેન ઘર છોડીને અમદાવાદ સ્થિત તેમની બહેનને ત્યાં ગયા હતા. બાદમાં તેઓ પોતાની બહેન સાથે મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે પુત્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ભારતીય ન્યાય સંહિતા અને જીપી એક્ટ હેઠળ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ૨૧ માર્ચ આંતરરાષ્ટ્રીય કવિતા દિવસ

# મનોજ, મોદી, શ્યામ, સરૂપા ભવ્ય ગઝલ ગુજરાતી શબ્દોના આભમાં સંવેદનાનો સૂર્યોદય એટલે કાવ્ય!

**આલેખન : માર્ગી મહેતા**

વર્ષ ૧૯૯૯થી દર વર્ષે ૨૧ માર્ચે 'આંતરરાષ્ટ્રીય કવિતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. જેનો મુખ્ય હેતુ વિશ્વભરમાં કવિતાના માધ્યમથી અભિવ્યક્તિની સ્વતંત્રતા, સાંસ્કૃતિક વિવિધતા અને ભાષાકીય સમૃદ્ધિને પ્રોત્સાહન આપવાનો છે. કવિતા દિવસ એ શબ્દોના માધ્યમથી જીવનને માણવા અને ઉજવવાનો અવસર છે. કવિતા એ માત્ર શબ્દોનું જોડાણ નથી પરંતુ તે માનવ હૃદયના ઊંડાણમાં દબાયેલી સંવેદનાઓનો પડઘો છે. કવિતા સમય અને સીમાઓના બંધન તોડીને માનવતાને એકસૂત્રે બાંધે છે. શબ્દોના આભમાં સંવેદનાનો સૂર્યોદય થાય ત્યારે કાવ્ય રચાય છે.




માણીએ, પ્રસિદ્ધ કવિઓએ પોતાની કલમથી કંડારેલી અણમોલ પંક્તિઓ

કવિતાના વિશ્વમાં અછાંદસ, ગીતો, કવ્વાલી, ગઝલ, સ્તુતિ, ગરબા, દોહા, નઝમ, ભજન, મરશિયા, મુક્તક, સોનેટ, હાઇકુ અને હાલરડાં જેવા અનેક પ્રકારો તેની વૈવિધ્યતાની સાક્ષી પૂરે છે. સમયના વહેણ સાથે આપણી ગુજરાતી ભાષાના આભલા સમાન કવિઓએ પોતાની કલમથી જે અણમોલ પંક્તિઓ કંડારી છે, તેની ઝલક અહીં પ્રસ્તુત છે.

ગુજરાતી સાહિત્યના આકાશમાં આધ્યાત્મિકતાના શિખરે બિરાજતા શ્રી નરસિંહ મહેતાએ રચ્યું છે

**શ્યામ-શોભા ઘણી, બુદ્ધિ નવ શકે કળી,**
**અનંત ઓચ્છવ મહીં પંથ ભૂલી;**
**જડ અને ચેતન રસ કરી જાણવો, પકડી પ્રેમે સજીવન મૂળી.**

માનવીના કર્તવ્ય અને સમર્પણની વાત જ્યારે રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીના શબ્દોમાં વણાય છે ત્યારે તે અત્યંત હૃદયસ્પર્શી બની જાય છે. શ્રી રવીન્દ્રનાથ ઠાકુરની કૃતિ કર્તવ્યગ્રહણ પરથી પ્રેરિત થઈને તેમણે લખ્યું છે

**તે સમે કોડિયું એક માટી તણું, ભીડને કોક**
**ખૂણેથી બોલ્યું**
**મામૂલી જેટલી મારી ત્રેવડ, પ્રભુ! એટલું**
**સોંપજો, તો કરીશ હું.**

ગુજરાતી ભાષા અને તેની અસ્મિતાનો જયઘોષ કરતાં શ્રી ભાગ્યેશ જહા લખે છે

**જયતુ જયતુ જયતુ ગુજરાત જયતુ,**
**વદતુ વદતુ વદતુ ગુજરાતી વદતુ.**

ગુજરાતી ગઝલની વાત નીકળે ત્યારે અનેક દિગ્ગજ નામો યાદ આવે છે. શ્રી સંજુ વાળા આ ગઝલકારોને અંજલિ આપતા કહે છે

# જામનગરના કડીયાવાડ વિસ્તારના મકાનમાં ચાલતી ઘોડીપાસાની મીની કલબ ઝડપાઈ

### એલસીબીની ટીમે પાડેલા દરોડામાં રૂપિયા ૨.૪૬ લાખની માલમતા સાથે ૧૦ આરોપીઓ પકડાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં કડિયાવાડ વિસ્તારમાં એક રહેણાંક મકાનની અંદર ઘોડીપાષાની મીની કલબ ચાલી રહી છે, તેવી ચોક્કસ બાતમીના આધારે એલસીબી ની ટુકડીએ દરોડો પાડયો હતો, અને ૧૦ આરોપીઓને ઝડપી લીધા છે, અને તેઓ પાસેથી રૂપિયા ૨,૪૭,૫૦૦ ની માલમતા કબજે કરી છે.જામનગરના કડીયાવાડ વિસ્તારમાં લાડવા શેરીમાં રહેતા રાજેન્દ્ર ચમનલાલ નામના શખ્સ દ્વારા બહારથી માણસોને એકત્ર કરીને પોતાના ઘરમાં ઘોડિપાસા અલગ ચલાવી રહ્યો છે, તેવી ચોક્કસ બાતમી ના આધારે એલસીબી ની ટીમે ગઈકાલે મોડી રાત્રે દરોડો પાડયો હતો. જે દરોડા દરમિયાન મકાન માલિક સહિત ૧૦ શખ્સ ઘોડી પાષાનો જુગાર રમી રહેલા નજરે પડ્યા હતા.

આથી પોલીસે મકાન માલિક રાજેન્દ્ર ચમનલાલ લાલાણી પ્રશાંતસિંહ પ્રદ્યુમનસિંહ ગોહિલ, કૌશિક જયંતીલાલ ચાવડા, અજય હરજીભાઈ વાઢેર ભરત રમેશભાઈ વસાણી, ઘનશ્યામભાઈ હીરાભાઈ લાખાણી, ધર્મેન્દ્ર જગદીશભાઈ સોલંકી, સરફરાજ ઓસમાણભાઈ વાઘેર, નરેન્દ્ર જમનાલાલ લાખાણી અને કેતન રાજેશભાઈ ખેતાણી સહિત ૧૦ આરોપી ની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૫૦,૫૦૦ ની રોકડ રકમ નંગ મોબાઈલ ફોન, તેમજ બે વાહનો સહિત કુલ રૂપિયા ૨,૪૬,૫૦૦ ની માલમતા કબજે કરી લીધી છે.

# રાજકોટમાં આજથી બે દિવસ મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૬નું ભવ્ય આયોજન

### કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે મહોત્સવનું ઉદઘાટન : મિલેટ પ્રોડક્ટ્સ અને પ્રાકૃતિક ખેતીની પેદાશોના વેચાણ માટે વિવિધ સ્ટોલ્સ આકર્ષણનું કેન્દ્ર બનશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા રાજકોટના આંગણે આગામી તારીખ ૨૧ અને ૨૨ માર્ચ, ૨૦૨૬ દરમિયાન મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. 'સ્વાસ્થ્ય, સમૃદ્ધિ અને સંસ્કૃતિનો અનેરો ઉત્સવ' એવા આ કાર્યક્રમનું ઉદઘાટન રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તથા ગ્રામ વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે કરવામાં આવશે.

રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર નાના મૌવા સર્કલ પાસે આવેલા કોર્પોરેશન ગ્રાઉન્ડ ખાતે યોજાનારા આ મહોત્સવમાં મિલેટ (શ્રી અન્ન) માંથી બનેલી વિવિધ વાનગીઓ અને પ્રોડક્ટ્સનું પ્રદર્શન યોજાશે. આ સાથે જ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા ઉત્પાદિત શુદ્ધ અને રસાયણમુક્ત કૃષિ પેદાશોના વેચાણ માટે વિવિધ સ્ટોલ્સ પણ ઊભા કરવામાં આવશે, જેથી શહેરના નાગરિકો સીધા ખેડૂતો પાસેથી ગુણવત્તાયુક્ત ચીજવસ્તુઓ ખરીદી શકશે.

આ મિલેટ મહોત્સવમાં જિલ્લાના અન્ય વરિષ્ઠ આગેવાનો અને અધિકારીઓ પણ હાજરી આપશે.આ મહોત્સવ બંને દિવસ સવારે ૯ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી નાગરિકો માટે ખુલ્લો રહેશે.

# મોરબીમાં સેવાભાવી અજય લોરીયા દ્વારા નિઃશુલ્ક પક્ષીના કુંડાનું વિતરણ કરાશે

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબીના સેવાભાવી અજય લોરીયા અને સેવા એ જ સંપત્તિ ફાઉન્ડેશન દ્વારા આજરોજ તા.૨૧ માર્ચના રોજ ઉનાળાની ગરમીમાં પક્ષીઓ માટે નિઃશુલ્ક પાણીના કુંડા વિતરણ માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

મોરબીમાં સેવા અને જીવદયા માટે અજય લોરીયા અને સેવા એ જ સંપત્તિ ફાઉન્ડેશન દ્વારા આજરોજ ૨૧ માર્ચને શનિવારે સવારે ૯ વાગ્યાથી નિઃશુલ્ક પક્ષી કુંડાનું વિતરણ કરવામાં આવશે. આ કાર્યક્રમ સુપર માર્કેટ શનાળા રોડ મોરબી ખાતે યોજાશે, જેમાં નાગરિકો પણ સહભાગી બની પક્ષીઓની તરસ મીટાવવા મદદ કરી શકશે. આયોજક અજય લોરીયા દ્વારા મોરબીના લોકોને આ સેવા કાર્યક્રમમાં હાજરી આપવાનો અને જીવનમાં જીવદયાનું કાર્ય કરવા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

# મોરબી જીલ્લામાં એક જ દિવસે ચાર અપમૃત્યુના બનાવ નોંધાતા ચકચાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં એક જ દિવસે અલગ અલગ સ્થળોએ ચાર અપમૃત્યુના બનાવ નોંધાતા ચકચાર મચી છે. જેમાં ત્રાજપર નજીક બિલ્ડીંગ પરથી પડી જવાથી એક વ્યક્તિનું મોત થયું, જ્યારે એક મહિલાનું પડી જવાથી સારવાર દરમિયાન મોત નિપજ્યું. ટંકારા તાલુકામાં ઝાડ પરથી પડતા મજૂરનું મોત થયું તો હળવદમાં બાઈક સ્લીપ થતાં વ્યક્તિએ દમ તોડ્યો હતો. ચારેય બનાવોમાં પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

અપમૃત્યુના પ્રથમ બનાવમાં મોરબી સીટી બી ડિવિઝન વિસ્તારમાં ત્રાજપર ચોકડી નજીક આવેલ શિવ અંજની કોર્પોરેશન હાઉસના ઉપરના માળેથી પડી જતા માધાપર શેરી નં.૨૪ માં રહેતા ગણેશભાઈ માવજીભાઈ પરમાર ઉવ.૪૦નું મોત થયું હતું. ઘટનાની જાણ થતા મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

બીજા અપમૃત્યુના બનાવમાં ત્રાજપર વિસ્તારમાં ભરવાડ સમાજની વાડી નજીક રહેતા ગોમતીબેન મેરુભાઈ માંડવીયા ઉવ.૪૧ ને ઘરે પડી જતા બેભાન થઈ ગયા બાદ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

જ્યારે અપમૃત્યુના ત્રીજા બનાવમાં ટંકારા તાલુકાના બંગાવડી ગામ નજીક દેવળીયા રોડ ઉપર એક મજૂર કલસીંગ બનાભાઈ પરમાર ઉવ. આશરે ૩૫ રહે.બંગાવડી ગામ કેશુભાઈની વાડીમા તા-ટંકારા મુળ ગામ- પાવગામ છાપરી ફળીયા તા-ધાનપુર જી-દાહોદ વાળા ઝાડ પર ડાળી કાપવા ચડ્યા હતા ત્યારે નીચે પડી જતા ગંભીર ઇજા થતા તેમનું મૃત્યુ થયું હતું.

આ ઉપરાંત હળવદ તાલુકાના ચરાડવા ગામ નજીક કેટી મીલ પ્રાથમિક શાળા સામે હાઈવે ઉપર બાઈક રજી.નં. એમપી-૬૯-ઝેડડી-૦૬૩૧ લઈને જયંતીભાઈ મંગળીયાભાઈ ચૌહાણ જી રહ્યા હોય તે દરમિયાન બાઇક સ્લીલ થઈ જતા તેઓને માથા અને શરીરે ગંભીર ઇજા થતા તેમનું મોત થયું હતું.

# ઉના શહેરમાં આવેલી ઈદગાહ પર મુસ્લિમ ભાઈઓએ નમાજ પઢીને ઈદની ઉજવણી કરી

### દેશમાં શાંતિ રહે તે માટે પીર બાપુએ દુઆ કરી સંદેશો પણ આપ્યો : પોલીસ પ્રશાસન અને નગરપાલિકાનો આભાર માન્યો

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના શહેરમાં આવેલ ઇદગા રહીમ નગર વિસ્તારમાં ઇદગા પર મુસ્લિમ ભાઈઓએ ઇદગા પર નમાજ બડી અને ઇદની ઉજવણી કરી આજે ગુજરાતભરમાં મુસ્લિમ સમાજ દ્વારા રમઝાન ઈદ (ઈદ-ઉલ-ફિત્ર) ની હર્ષોલ્લાસભેર અને ધાર્મિક શ્રદ્ધા સાથે ઉજવણી કરવામાં આવી છે. ચાંદ દેખાતાની સાથે જ સૌરાષ્ટ્ર-કચ્છ સહિત સમગ્ર રાજ્યમાં નમાઝ પઢીને સમાજના દુઆ કરી અને બંદગી કરવામાં આવી હતી અને એકબીજાને ઈદની મુબારકબાદી પાઠવી જ્યારે આ ઇદની ઉજવણી કરવામાં આવતા પીર બાપુએ જણાવ્યું અમુક દેશોમાં આજે લડાઈ ચાલી રહી છે પણ આપણું ભારત દેશ એક શાંતિ પ્રિય દેશ છે અહીં લોકો ભાઈ ચારા સાથે રહે છે અને હિન્દુ મુસ્લિમ ભાઈઓ એકબીજાને ઈદ મુબારક કહે છે અને એકબીજાના તહેવારમાં શરીફ થાય



છે સાથે સાથે પીરબાપુએ જણાવ્યું કે આપણ વ્યસનથી દૂર રહેવું જોઈએ હરામ કામથી દૂર રહેવું જોઈએ તેવા અનેક સંદેશો પીર બાપુએ આપ્યા સાથે પીર બાપુએ નગરપાલિકા તેમજ પોલીસ પ્રશાસનનું પણ આભાર વ્યક્ત કર્યો નગરપાલિકાએ પાણીની વ્યવસ્થા પૂરી પાડી છે ત્યારે પોલીસ પ્રશાસને પણ પૂરી જવાબદારી પૂર્વક અહીં સાથ આપ્યો છે તેમનો તેનો પણ એ દિલથી આભાર માનીએ છે જે મજા છે ઇદની ઉજવણી ખૂબ ધુમધામ પૂર્વક કરવામાં આવી હતી

# પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ

### શાળા કોલેજ આસપાસ પાનની દુકાનોમાં ડ્રગ્સના વેચાણ અંગે સઘન તપાસ કરવા સૂચના આપતા પોલીસ કમિશનર



### એક માસમાં રૂ. ૧૨.૭૮ લાખની કિંમતનો ૩૬૫ ગ્રામ હાઈબ્રીડ ગાંજો સહીત કુલ રૂ. ૨૪ લાખથી વધુની કિંમતનો અફીણ અને ગાંજો પકડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાની અધ્યક્ષતામાં રાજકોટ ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ હતી. પોલીસ કમિશનરશ્રીએ શાળા, કોલેજ આસપાસ માત્ર તંબાકુની પ્રોડ્ટક્સના વેચાણ સાથે નાર્કોટિક્સ ડ્રગ્સના વેચાણની સંભાવનાને ધ્યાને લઇ સઘન ચેકીંગ અને પુછપરછ કરવા સૂચના આપી હતી.

બ્રજેશ કુમારે શાળા આસપાસ નશાકારક પદાર્થ વેચવાનું કોઈના પણ ધ્યાને આવે તો શાળા મારફત પોલીસ વિભાગને જાણ કરવા શિક્ષણ વિભાગના અધિકારીશ્રીને અપીલ કરી હતી. યુવાનોમાં ગાંજો સહિતના વધતા જતા ડ્રગ્સના ચલણ સામે લાલબત્તી ધરી કમિશનરએ શહેરના પોલીસ સ્ટેશન દ્વારા અસરકારક કામગીરી કરવા ખાસ સૂચના આપી હતી.

ક્રાઈમ વિભાગના ડી.સી.પી. જગદીશ બંગારવાએ એન્ટી-ડ્રગ્સ કેમ્પેઇન અંતર્ગત પોલીસ વિભાગ દ્વારા ચાલુ માસે કરવામાં આવેલી કામગીરીની માહિતી આપી હતી. જેમાં વિદેશી ૩૬૫ ગ્રામ હાઈબ્રીડ ગાંજો કે જેની કિંમત રૂ. ૧૨.૭૮ લાખથી વધુ થાય છે તેને ઝડપી પાડવામાં આવ્યો હોવાનું તેમજ કુલ ૪ કેસમાં રૂ. ૨૪ લાખથી વધુની કિંમતનો અફીણ અને ગાંજો પકડી પાડી ૬ આરોપી વિરુદ્ધ એન.ડી.પી.એસ. ના કેસ કરવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું.

જ્યારે શાળા આસપાસ ૧૦૦ મીટરમાં પ્રતિબંધ હોવા છતાં તંબાકુ સંબંધી વેચાણકર્તા પાન ગલ્લા વિરુદ્ધ કોપટા એક્ટ હેઠળ ૧૪૧ કેસમાં રૂ. ૨૮,૨૦૦ નો દંડ કરાયાનું બંગરવાએ જણાવ્યું હતું. ડી.સી.પી. શ્રીએ ઓનલાઈન પેમેન્ટ દ્વારા કુરિયર દ્વારા ડ્રગ્સની ડીલેવરી કરવામાં આવતી હોવાનું જણાવી કુરિયર સર્વિસ દ્વારા સચેત રહી કામગીરી કરાય, તે માટે ખાસ સૂચના આપી હતી.

બેઠકમાં મહાનગરપાલિકા, ફૂડ એન્ડ ડ્રગ્સ, આરોગ્ય વિભાગ દ્વારા સર્ચ અને જનજાગૃતિ અંગે યોજાયેલા કાર્યક્રમોની વિગતો સહીત રાજકોટ શહેર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ, ભારત સરકારના કસ્ટમ્સ વિભાગ તથા સ્થાનિક એન.જી.ઓ. સમજુ દેસી સોસાયટીના સંયુક્ત ઉપક્રમે ડ્રગ્સ વિરોધી જાગૃતિ અભિયાનના ભાગરૂપે ઓટોરિક્ષાઓની પાછળ નશાકારક ડ્રગ્સ અંગે જાગૃતિ ફેલાવતા વિવિધ સ્લોગનવાળા થીમેટિક પોસ્ટરો લગાડી વધુમાં વધુ લોકો સુધી સંદેશ પહોચે તે માટે કરવામાં આવેલી કામગીરીની માહિ-તી પુરી પાડવામાં આવી હતી.

એન્કોર્ડ બેઠકમાં ડી.સી.પી. ઝોન -૧ હેતલ પટેલ, ઝોન - ૨ રાકેશ દેસાઈ, એસ.ઓ.જી ના પી.આઈ. એસ.એમ. જાડેજા સહીત વિવિધ પોલીસ સ્ટેશનના અધિકારીઓ, કસ્ટમ, સમાજ સુરક્ષા, ફૂડ એન્ડ ડ્રગ્સ, ફોરેન્સિક, સિવિલ, મનોચિકિત્સક, રિહેબિલિટેશન, કૃષિ અને વન વિભાગ, તોલમાપ, સાઈન્ટિફિક સહિત વિવિધ વિભાગના અધિકારીઓ, મહાનગર પાલિકા તેમજ સિવિલના આરોગ્ય અધિકારીઓ તેમજ રાજકોટની વિવિધ યુનિવર્સીટીના નોડલ અધિકારીઓ જોડાયા હતાં.

# બીજા દિવસે ગુજરાતમાં કમોસમી વરસાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતમાં કમોસમી વરસાદનો ક્રમ બીજા દિવસે પણ ચાલુ રહ્યો છે. ગતરોજ બપોર બાદ શરૂ થયેલા વરસાદે ઉના, ગીર-ગઢડા, તાલાલા, કોડીનાર અને ગીર-સોમનાથ જિલ્લાના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસાવ્યો હતો. આ વરસાદને કારણે ખેડૂતો ખાસ કરીને કેસર અને કેરીના બગીચાઓના માલિકો ચિંતામાં મુકાયા છે. ભારે વરસાદ અને તીવ્ર પવનને કારણે બગીચાઓમાં પાકને નુકસાન થવાની શક્યતા વધી ગઈ છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સાયક્લોનિક સર્ક્યુલેશન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાના કારણે રાજ્યમાં આ અચાનક વરસાદી માહોલ સર્જાયો છે. ગત ૨૪ કલાકમાં સૌરાષ્ટ્રના વિસ્તારોમાં ૪૧ મિમી સુધી વરસાદ નોંધાયો હતો,

હવામાન વિભાગે આજે ૨૧ માર્ચ માટે સૌરાષ્ટ્ર (ગીર-સોમનાથ, જુનાગઢ, અમરેલી, ભાવનગર) અને કચ્છમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે તેમજ ભારે પવન (૪૦-૫૦ કિ.મી./કલાક) ફૂંકાવવાની સંભાવના વ્યક્ત કરી છે. જોકે, ૨૪ કલાક બાદ વરસાદની તીવ્રતા ઘટવાની અને તાપમાનમાં ૩થી ૪ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. આગામી ૭ દિવસમાં દિવસનું મહત્તમ તાપમાન ૪થી ૫ ડિગ્રી સુધી વધી શકે છે, જેનાથી ઉનાળાની શરૂઆતનો અહેસાસ થશે.

# જામનગરમાં જુગાર રમતા ૫ શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર એલસીબી પોલીસે ગોકુલનગર વિસ્તારમાંથી જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી રોકડ, વાહનો અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ ૬,૨૭,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.એલસીબી સ્ટાફના અરજણભાઈ કોડીયાતર, ધર્મેન્દ્રસિંહ જાડેજા અને કિશોરભાઈ પરમારને મળેલી બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. ગોકુલનગર પાછળ આવેલા ખોડીયારનગર વેલનાથ મંદિર પાસે દરોડો પાડી પોલીસે માંગપાનું.નામનો જુગાર રમતા શખ્સોને પકડ્યા હતા.

પોલીસે સ્થળ પરથી રૂ ૫૨,૫૦૦ રોકડા, નવ મોટરસાયકલ કિંમત રૂ ૫,૫૦,૦૦૦ અને પાંચ મોબાઈલ ફોન કિંમત રૂ ૨૫,૦૦૦ જપ્ત કર્યા હતા. આમ, કુલ રૂ ૬,૨૭,૫૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.પકડાયેલા આરોપીઓમાં રમેશભાઈ રવજીભાઈ પરમાર ઉં.વ. ૪૪, ભરત પાલાભાઈ અવાર ઉં.વ. ૩૯, સુખાભાઈ પરસોતમભાઈ ડાભી ઉં.વ. ૩૧, પાંચાભાઈ ભગવાનજીભાઈ જોરીયા ઉં.વ. ૩૮.અને નિલેશભાઈ નારણભાઈ કરમુર ઉં.વ. ૨૬.નો સમાવેશ થાય છે.જોકે, આ દરોડા દરમિયાન અન્ય ચાર અજાણ્યા શખ્સો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. તેમને પકડવા માટે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.આ સફળ કામગીરી પીઆઈ વી.એમ.લગારીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.વી. ભાટીયા,એએસઆઈ ભરતભાઈ ડાંગર,હેડ કોન્સ્ટેબલ મયુદ્દીનભાઈ સૈયદ,ભરતભાઈ પટેલ અને એલસીબી સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# વિશેલવિન ફાઉન્ડેશન દ્વારા કાલે દિવ્યાંગતા ક્ષેત્રમાં પરિવર્તન લાવનાર ગાર્ડિયન એન્જલનું સન્માન

### પત્રકાર પરિષદમાં માહિતી આપતા સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી પૂનમ કૌશિક અને માલા અરોરા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિશેલવિન ફાઉન્ડેશન દ્વારા આગામી ૨૨ માર્ચ ૨૦૨૬, રવિવારના રોજ રાજકોટની સયાજી હોટેલ ખાતે પ્રતિષ્ઠિત ગાર્ડિયન એન્જલ એવોર્ડ ૨૦૨૬ (GAA) ની ૬ઠ્ઠી આવૃત્તિનું ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સમારોહમાં વિશેષ જરૂરિયાતો ધરાવતા (દિવ્યાંગતા) ક્ષેત્રમાં અસાધારણ સમર્પણ અને કરુણા સાથે કાર્ય કરનાર ગુજરાતભરના ૮૯ એવોર્ડ વિજેતાઓ સન્માનિત કરવામાં આવશે.

વિશેલવિન ફાઉન્ડેશન છેલ્લા ૬ વર્ષથી આ પ્રતિષ્ઠિત સન્માન સમારોહ દ્વારા એવા નિઃસ્વાર્થ સેવકોને બિરદાવે છે જેઓ દિવ્યાંગ વ્યક્તિઓના જીવનને સમૃદ્ધ અને સક્ષમ બનાવવા માટે રાત-દિવસ મહેનત કરી રહ્યા છે. આ એવોર્ડનો મુખ્ય હેતુ એક એવા સમાવિષ્ટ (Inclusive) સમાજનું નિર્માણ કરવાનો છે જ્યાં દરેક વ્યક્તિને સન્માન અને સમાન તકો મળે.

કોનું થશે સન્માન? આ એવોર્ડ વિજેતાઓમાં વિશેષ જરૂરિયાત ક્ષેત્રની કરોડરજ્જુ સમાન નિષ્ણાતોનો સમાવેશ થાય છે, જેમાં નિષ્ણાત તબીબો ડોકટરો, મનોચિકિત્સકો અને ન્યુરોલોજીસ્ટ.

વિશેલવિન ફાઉન્ડેશન દ્વારા આ પ્રસંગે એક ક્રાંતિકારી પહેલ 'આપકે સાથ' (AAPKE SAATH) હેલ્પલાઇનનું લોન્ચિંગ કરવામાં આવ્યું છે. આ હેલ્પલાઇનનો મુખ્ય ઉદ્દેશ્ય બૌદ્ધિક અક્ષમતા કે ન્યુરોડાયવર્સિટી ધરાવતા બાળકોના વાલીઓને એક મજબૂત માર્ગદર્શન પૂરું પાડવાનો છે. ઘણીવાર વાલીઓ બાળકના નિદાન, શિક્ષણ, થેરાપી કે સરકારી યોજનાઓનો લાભ લેવા બાબતે મૂંઝવણ અનુભવતા હોય છે; ત્યારે આ હેલ્પલાઇન એક એવા 'પુલ' તરીકે કાર્ય કરશે જે તેમને નિષ્ણાતો અને જરૂરી સેવાઓ સાથે જોડશે. 'આપકે સાથ' એ માત્ર એક નંબર નથી, પણ એક સામાજિક સુરક્ષા કવચ છે જે સુનિશ્ચિત કરે છે કે કોઈ પણ વાલી પોતાની લડાઈમાં એકલા નથી. કોઈપણ માર્ગદર્શન કે સહાય માટે વાલીઓ હેલ્પલાઇન નંબર 9714539393 પર સંપર્ક કરી શકે છે.

આ ગરિમાપૂર્ણ પ્રસંગે રાજકોટ શહેરના પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા (IPS), રાજકોટના મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા (IAS) અને ગુજરાત મેરિટાઇમ બોર્ડના ચીફ નોટિકલ ઓફિસર કેપ્ટન અશ્વિન સોલંકી વિશેષ ઉપસ્થિત રહીને એવોર્ડ વિજેતાઓનો ઉત્સાહ વધારશે. આ પ્રતિષ્ઠિત મહાનુભાવોની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં સમગ્ર દિવસ દરમિયાન દિવ્યાંગ બાળકો દ્વારા મનોરંજક સાંસ્કૃતિક કાર્યક્રમો અને વિવિધ પ્રસ્તુતિઓનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે, જે આ સમારોહની શોભામાં અભિવૃદ્ધિ કરશે. કાર્યક્રમની વિગતો * તારીખ ૨૨ માર્ચ ૨૦૨૬, રવિવાર સમય સવારે ૯ થી સાંજે ૫ સુધી, સ્થળ સયાજી હોટેલ, કાલાવડ રોડ, રાજકોટ. વધુ માહિતી માટે સંપર્ક કરો વિશેલવિન ફાઉન્ડેશન મોબાઇલ ૭૯૮૪૯ ૧૨૬૮૪ / ૯૨૭૪૪ ૫૪૦૪૨, નો સંપર્ક કરવો.

## વિશેલવિન ફાઉન્ડેશન વિશે

વિશેલવીન ફાઉન્ડેશન વિશેષ જરૂરિયાત(દિવ્યાંગતા) ધરાવતા ખાસ કરીને ન્યુરોડાયવર્સિટી ક્ષેત્રમાં પોતાના સતત પ્રયાસોથી લોકોના જીવનમાં બદલાવ લાવવા માટે કાર્યરત છે. સમાજના આર્થિક અને સામાજિક જરૂરિયાત ધરાવતા વર્ગના વિકાસ અને પુનરુત્થાન માટે સેવાઓ પૂરી પાળવી તે હમેશ માટે વિશેલવીનના પ્રયાસો રહ્યા છે. દિવ્યાંગ બાળકોની પ્રાથમિક થેરાપીથી માંડી તેમને અને વયસ્ક લોકોને આત્મનિર્ભર બનાવવા તે જ માત્ર વિશેલવીનનું ધ્યેય છે. આ ક્ષેત્ર માટે ખુબ જ ઉપયોગી તેવા વિવિધ કાર્યક્રમો વિશેલવીન દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. બાળકોના અર્લી ઇન્ટરવેન્શન સ્પોન્સરશીપ માટેનો રેણું કાર્યક્રમ, મેડીકલ કેમ્પ, લાઇફ સ્કીલ વર્કશોપ, દિવ્યાંગતા વિષે જાગૃતિ ઝુંબેશ, વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકોની માતાઓ માટે વિશેષ જરૂરિયાતના ક્ષેત્ર માટેના ઉચ્ચ અભ્યાસક્રમ માટે પ્રોત્સાહિત કરતી સ્કોલરશીપ, ડાઉન સિન્ડ્રોમ સંબંધિત અવેરનેસ ડોકયુમેન્ટરી, માતા-પિતા માટે માર્ગદર્શન સેમીનાર જેવા વિવિધ કાર્યક્રમો વિશેલવીનના મુખ્ય કાર્યક્રમોમાં સ્થાન ધરાવે છે. વિશેલવીન ફાઉન્ડેશન અત્યાર સુધી રાજ્ય તેમજ રાષ્ટ્રીય સ્તરે ૧૯૦૦ થી વધુ બાળકો અને તેના પરિવાર સુધી પોતાની સેવા પહોચાડી શક્યું છે.

# રાજકોટમાં કથીત પત્રકારોના બ્લેકમેઈલ કાંડનો પર્દાફાશ: મુખ્ય સૂત્રધાર તબીબની ધરપકડ

ડોકટરે જ ડોકટરનો ન્યુડ વિડીયો વાયરલ કરી તોડબાજ પત્રકારો સાથે મળી ખેલ પાડયો : કહેવાતા બાર પત્રકારો સામે આઈટી એકટ બ્લેક મેઈલીંગ સહીતની કલમ હેઠળ ગુનો નોંધાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના એક અત્યંત જાણીતા આયુર્વેદીક સીનીયર ડોક્ટરને કામ ક્રીડા કરતો ન્યૂડ વીડિયો વાયરલ કરી દેવાની ધમકી આપી એક ડોકટર સહીત કહેવાતા બાર જેટલા તોડબાજ પત્રકારોએ બ્લેક મેઈલીંગ કરી લાખો રૂપિયાની ખંડણી માંગ્યાનું રેકેટ સામે આવતા સાઈબર ક્રાઈમ પોલીસ મથકમાં બાર જેટલા તોડબાજો સામે ગુનો નોંધાતા સનસનાટી મચી જવા પામી છે.

આ ઘટનાની વિગતો મુજબ રાજકોટના ભોગ બનનાર તબીબે પોતાની હોસ્પિટલમાં ટૂંક સમય પહેલા જ સીસીટીવી કેમેરા ફિટ કરાવ્યાં હતાં. દરમિયાન થોડાંક સમય પહેલાં તેઓએ હોસ્પિટલના એક રૂમમાં એક કર્મી સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. જે તબીબના અંગત પળો સીસીટીવી ફૂટેજ કે મોબાઈલ દ્વારા શૂટિંગ કરી એક તબીબે ન્યૂડ વીડિયો ક્લિપ તૈયાર કરી કહેવાતા તોડબાજ પત્રકારો સાથે મળી ડોક્ટર પર અસલી ખેલ પાડી બ્લેક મેઈલીંગ શરૂ કર્યું હતું.

જે બાદ ન્યૂડ વિડીયો તૈયાર કરનાર તબીબ દ્વારા કથિત પત્રકારોનો સંપર્ક કરવામાં આવ્યો હતો. જેથી આ સમગ્ર મામલામાં સાત જેટલા કથિત પત્રકારોએ એન્ટ્રી કરી હતી. એક બાદ એક આ પત્રકારોએ તબીબને ડરાવ્યા હતા અને અલગ અલગ રીતે લાખોની ખંડણી પણ મંગાઈ હતી. જો તેઓ માંગેલી રકમ નહીં ચૂકવે તો આ વીડિયો સોશિયલ મીડિયા અને ન્યૂઝ ચેનલોમાં વાયરલ કરી દેવામાં આવશે તેવી ધમકી આપી આરોપીઓએ લાખો રૂપિયાની માંગણી કરી અને તબીબ પર સતત માનસિક દબાણ બનાવ્યું હતું. બદનામીના ડરથી તબીબ બે બાકળા બન્યા હતા. પરંતુ અંતે હિંમત એકત્ર કરી આ તોડબાજ ટોળકીનો ભાંડાફોડ કરવાનું નક્કી કરી પોલીસ કમિશનરને રજુઆત કરી હતી. જેથી શહેર ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી જગદીશ બાંગરવાને આ અંગે તપાસ સોંપવામાં આવતા તબીબ પાસેથી સમગ્ર ઘટનાની વિગતો મેળવ્યા બાદ જેની સામે આક્ષેપો કરવામાં આવ્યા હતા તે કહેવાતા પત્રકારોના નિવેદનો નોંધવામાં આવ્યા હતા અને તુરંત જ બનાવ અંગેની તપાસ સાયબર ક્રાઈમમાં સોંપી એસીપી સાયબર સેલના ચિંતન પટેલના માર્ગદર્શન હેઠળ પીઆઈ જે.એમ. કૈલા અને ટીમે ખંડણી સહીતની કલમો હેઠળ ગુનો દાખલ કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

# પતિના પરસ્ત્રી સાથેના સબંધોનો વિરોધ કરતી પત્નીને પતાવી દેવાની ધમકી

## પરિણીતાએ પતિ વિરુદ્ધ શારીરિક-માનસિક ત્રાસ ધમકી આપ્યાની ફરિયાદ નોધાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૈયાધાર વિસ્તારમાં રહેતી એક મહિલાએ પોતાના પતિ વિરુદ્ધ શારીરિક-માનસિક ત્રાસ અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. પતિના અન્ય સ્ત્રી સાથેના પ્રેમ સંબંધોનો વિરોધ કરતા પત્ની પર છેલ્લા ત્રણ વર્ષથી સિતમ ગુજારવામાં આવતો હોવાનું બહાર આવ્યું છે.

ફરિયાદી ભારતીબેન દિનેશભાઈ પરમાર (ઉં.વ. ૩૯), જેઓ સિવિલ હોસ્પિટલમાં હાઉસકીપિંગનું કામ કરે છે, તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૦૬માં તેમણે પોતાના ફોઈના દીકરા દિનેશ નાથાભાઈ પરમાર સાથે પ્રેમલગ્ન કર્યા હતા. લગ્નજીવનના ૧૯ વર્ષ દરમિયાન તેમને બે બાળકો પણ છે.

જોકે, છેલ્લા ત્રણ વર્ષથી દિનેશભાઈને અન્ય સ્ત્રી સાથે પ્રેમ સંબંધ હોવાની જાણ ભારતીબેનને થતા ઘરમાં કંકાસ શરૂ થયો હતો. પતિ આ બાબતે કોઈ દખલગીરી ન કરવા કહી અવારનવાર મારપીટ કરતો હતો.

દિકરીની ધોરણ ૧૦ની પરીક્ષા હોવાથી શાંતિ જળવાય તે હેતુથી ભારતીબેન છેલ્લા ૨૦ દિવસથી રૈયાધાર બી-વિંગમાં રહેતા પોતાના સાસુ-સસરાના ઘરે રહેવા જતા રહ્યા હતા. ગત તારીખ ૧૮/૦૩/૨૦૨૬ના રોજ રાત્રે ૧૦૩૦ કલાકે આરોપી દિનેશ ત્યાં પહોંચ્યો હતો અને પત્નીને બળજબરીથી પોતાના ઘરે આવવા દબાણ કર્યું હતું. ભારતીબેને ના પાડતા ઉશ્કેરાયેલા પતિએ ગાળો આપી, દરવાજા પર પાટા મારી તોડવાનો પ્રયાસ કર્યો હતો અને ''જો તું નહીં આવે તો તને ધાબા પરથી નીચે ફેંકી દઈશ'' તેવી ધમકી આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. આ ઘટના બાદ ગભરાઈ ગયેલા ભારતીબેને આખરે હિંમત ભેગી કરી ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપી દિનેશભાઈ નાથાભાઈ પરમાર વિરુદ્ધ બી.એન.એસ. કલમ ૮૫, ૧૧૫(૨), ૩૫૧(૩) અને ૩૫૨ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ સરોજભાઈ રતાને સોંપી છે.

# ચોટીલા પાસે ટ્રિપલ અકસ્માતમાં અમદાવાદના ઠાકોર પરિવારના બે સભ્યોના કરુણ મોત

## ચોટીલા માતાજીના દર્શન કરી પરત ફરતી વેળાએ જોલી એન્જોય વોટરપાર્ક પાસે ટ્રક, પીકઅપ વાન અને સ્વિફ્ટ કાર વચ્ચે સર્જાયો અકસ્માત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે પર ચોટીલાથી સાત કિલોમીટર દૂર જોલી એન્જોય વોટરપાર્ક પાસે ઉભેલા ટ્રક પાછળ પીકઅપ વાન અને સ્વિફ્ટ કાર ધડાકાભેર અથડાતા હાઈવે રક્તરંજિત બન્યો હતો. આ ભીષણ દુર્ઘટનામાં અમદાવાદના ઠાકોર પરિવારના બે સભ્યોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યાં છે, જ્યારે ત્રણ સભ્યો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

અમદાવાદના સૈજપુર વિસ્તારમાં રહેતા ઠાકોર પરિવારના સભ્યો ચૈત્રી નવરાત્રિ નિમિત્તે ચોટીલા ચામુંડા માતાજીના દર્શન કરવા આવ્યા હતા. દર્શન કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે હાઈવે પર ઉભેલા એક ટ્રકની પાછળ પહેલા પીકઅપ વાન ભટકાઈ હતી અને તેની પાછળ પૂરઝડપે આવી રહેલી અમદાવાદ પાસિંગની સ્વિફ્ટ કાર ઘૂસી ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે વાહનોના કુરચા બોલી ગયા હતા. આ અકસ્માતમાં ૨૮ વર્ષીય સોનાલીબેન હર્ષદભાઈ ઠાકોર અને ૧૬ વર્ષીય આશિષ રણજીતભાઈ ઠાકોરનું ગંભીર ઈજાઓ થવાના કારણે સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે કલ્પેશભાઈ કાનુભાઈ ઠાકોર (૨૯), હર્ષદભાઈ ઠાકોર (૩૦) અને માત્ર ૩વર્ષના માસૂમ બાળક દિવ્યાંશ હર્ષદભાઈ ઠાકોરને ગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતા જ હાઈવે પર લોકોના ટોળા ઉમટી પડયા હતા. પોલીસ કાફલાએ તાત્કાલિક સ્થળ પર પહોંચી સ્થાનિકોની મદદથી ઈજાગ્રસ્તોને વાહનમાંથી બહાર કાઢી હોસ્પિટલ મોકલ્યા હતા. અકસ્માતને કારણે હાઈવે પર સર્જાયેલા ભારે ટ્રાફિક જામને દૂર કરવા ક્રેનની મદદ લેવામાં આવી હતી. બંને મૃતદેહોને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા

# કોઠારિયા સોલવન્ટમાં મચ્છર મારવાની ડુપ્લિકેટ અગરબત્તી બનાવતી ફેકટરી પકડાઇ

કંપનીના ઓફિસરે પોલીસને સાથે રાખી દરોડો પાડયોઃ બે શખ્સો ઝડપાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના કોઠારીયા સોલ્વન્ટ વિસ્તારમાં આવેલ વર્ધમાન ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં શ્રી ડેંગ્યુ કિલર હર્બલ' નામની પ્રતિષ્ઠિત અગરબત્તીની ડુપ્લીકેટ બનાવટનું કારખાનું ઝડપાતા ચકચાર મચી ગઈ છે. કંપનીના અધિકારીઓ અને આજીડેમ પોલીસે સંયુક્ત રીતે દરોડો પાડી લાખોની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ ઘટનાની વિગત એવી છે કે, પડધરીના ડુંગરકા ગામ ખાતે આવેલ 'શ્રી ઈસેન્સ સ્ટીક' નામની કંપની દ્વારા 'શ્રી ડેંગ્યુ કિલર હર્બલ' નામની અગરબત્તીનું ઉત્પાદન કરવામાં આવે છે. કંપનીના માલિક સંકેતભાઈ દેત્રોજાએ મહારાષ્ટ્રના થાણેમાં રહેતા અને કંપનીમાં ઈન્વેસ્ટિગેશન ઓફિસર તરીકે ફરજ બજાવતા પ્રમોદભાઈ રવિભાઈ સોનારને પાવર ઓફ એટર્ની દ્વારા તપાસની સત્તા સોંપી હતી.

તપાસ દરમિયાન કંપનીના જયદીપભાઈ ભટ્ટીને ચોક્કસ બાતમી મળી હતી કે રાજકોટના કોઠારીયા સોલ્વન્ટમાં આર.કે. પ્લાસ્ટિકની સામે 'ભગવતી એન્ટરપ્રાઈઝ' નામના કારખાનામાં તેમની પ્રોડક્ટ જેવી જ દેખાતી નકલી 'સુપરડેંગ્યુ કિલર હર્બલ' અગરબત્તીનું ઉત્પાદન અને વેચાણ થઈ રહ્યું છે. આ માહિતીના આધારે આજીડેમ પોલીસ સ્ટેશનના પી.આઈ.નો સંપર્ક કરી દરોડો પાડવામાં આવ્યો હતો. જયારે પોલીસની ટીમ 'ભગવતી એન્ટરપ્રાઈઝ'ના શેડમાં પહોંચી ત્યારે ત્યાં અનેક કારીગરો નકલી અગરબત્તીનું પેકિંગ કરી રહ્યા હતા.

તપાસ દરમિયાન જાણવા મળ્યું કે અસલી બ્રાન્ડના બોક્સ જેવી જ આબેહૂબ ડિઝાઈન ધરાવતા 'સુપર ડેંગ્યુ કિલર' નામના બોક્સમાં માલ ભરવામાં આવતો હતો. પોલીસે સ્થળ પરથી નકલી ખાલી બોક્સ ૧૪૦૦ નંગ (કિંમત રૂ. ૫૬૦૦), પેકિંગ સીલિંગ મશીન ૧ નંગ (કિંમત રૂ. ૮૦૦૦) અને તૈયાર અગરબત્તીના પેકેટ ૪૮૦ નંગ (કિંમત રૂ. ૧૨,૦૦૦) એમ કુલ જપ્ત મુદ્દામાલ અંદાજે રૂ. ૨૫,૬૦૦નો કરવામાં આવ્યો હતો. આ ગુનામાં પોલીસે કારખાનાના બે ભાગીદારો રસિક સવજી સરધારા અને નારણ જસમત મારકણા (રહે. બંને સાઈબાબા સર્કલ પાસે, કોઠારીયા રોડ) સામે કોપીરાઈટ એક્ટ હેઠળ ૦ ગુનો નોંધી તેમની ધરપકડ કરી છે.

# રાજકોટ ડિવિઝનની ૮ જોડી ટ્રેનોમા કાયમી ધોરણે એક વધારાનો થર્ડ એસી કોચ જોડવામાં આવશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલ્વે દ્વારા મુસાફરોની સુવિધામાં વધારો કરવા અને એસી શ્રેણીમાં સતત વધતી માંગને ધ્યાનમાં રાખીને રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ૮ જોડી ટ્રેનોમાં કાયમી ધોરણે વધારાના થર્ડ એસી કોચ જોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી મુસાફરોને ટિકિટની વધુ ઉપલબ્ધતા સાથે વધુ આરામદાયક મુસાફરીની સુવિધા પ્રાપ્ત થશે.

ઓખા-નાથદ્વારા એક્સપ્રેસઃ આ ટ્રેનમાં થર્ડ એસી કોચની સંખ્યા ૪ થી વધારીને ૫ કરવામાં આવી છે. આ વ્યવસ્થા ઓખાથી ૨૭ મે ૨૦૨૬ અને નાથદ્વારાથી ૨૮ મે ૨૦૨૬ થી અમલી બનશે. ઓખા-બિલાસપુર એક્સપ્રેસઃ આ ટ્રેનમાં થર્ડ એસી કોચની સંખ્યા ૪ થી વધારીને ૫ કરવામાં આવી છે.

આ વ્યવસ્થા ઓખાથી ૨૩ મે ૨૦૨૬ અને બિલાસપુરથી ૨૫ મે ૨૦૨૬ થી અમલી બનશે. રાજકોટ-દિલ્હી સરાય રોહિલ્લા એક્સપ્રેસઃ આ ટ્રેનમાં થર્ડ એસી કોચની સંખ્યા ૪ થી વધારીને ૫ કરવામાં આવી છે. આ વ્યવસ્થા રાજકોટથી ૨૧ મે ૨૦૨૬ અને દિલ્હી સરાય રોહિલ્લાથી ૨૨ મે ૨૦૨૬ થી અમલી બનશે.

રાજકોટ-રીવા એક્સપ્રેસઃ આ ટ્રેનમાં થર્ડ એસી કોચની સંખ્યા ૪ થી વધારીને ૫ કરવામાં આવી છે. આ વ્યવસ્થા રાજકોટથી ૨૪ મે ૨૦૨૬ અને રીવાથી ૨૫ મે ૨૦૨૬ થી અમલી બનશે. જામનગર-તિનલવેલી એક્સપ્રેસઃ આ ટ્રેનમાં થર્ડ એસી કોચની સંખ્યા ૪ થી વધારીને ૫ કરવામાં આવી છે. આ વ્યવસ્થા જામનગરથી ૨૩ મે ૨૦૨૬ અને તિરુનલવેલીથી ૨૬ મે ૨૦૨૬ થી અમલી બનશે.

હાપા-મડગાંવ એક્સપ્રેસઃ આ ટ્રેનમાં થર્ડ એસી કોચની સંખ્યા ૪ થી વધારીને ૫ કરવામાં આવી છે. આ વ્યવસ્થા હાપાથી ૨૭ મે ૨૦૨૬ અને મડગાંવથી ૨૯ મે ૨૦૨૬ થી અમલી બનશે. વેરાવળ-ઈન્દોર મહામના એક્સપ્રેસઃ આ ટ્રેનમાં થર્ડ એસી કોચની સંખ્યા ૬ થી વધારીને ૭ કરવામાં આવી છે. આ વ્યવસ્થા વેરાવળથી ૨૭ મે ૨૦૨૬ અને ઈન્દોરથી ૨૬ મે ૨૦૨૬ થી અમલી બનશે.

વેરાવળ-બાંદ્રા ટર્મિનસ સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસઃ આ ટ્રેનમાં થર્ડ એસી કોચની સંખ્યા ૬ થી વધારીને ૭ કરવામાં આવી છે. આ વ્યવસ્થા વેરાવળથી ૨૩ મે ૨૦૨૬ અને બાંદ્રા ટર્મિનસથી ૨૨ મે ૨૦૨૬ થી અમલી બનશે.

મુસાફરોને વિનંતી છે કે ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે રેલ્વેની સત્તાવાર વેબસાઇટ www.enquiry.indianrail.gov.inની મુલાકાત લેવી.

# RTOના ઈ-ચલણનો મોબઈલમાં આવેલો મેસેજ કલીક કરતા રૂ.૧૦.૬૬ લાખ ઉપડી ગયા

નિવૃત જીવન જીવતા વૃધ્ધને શિકાર બનાવ્યા- સાયબર ક્રાઈમ પોલીસમાં મેસેજ મોકલનાર સહિતના સામે ગુનો નોધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં સાઈબર માફીયાઓ બેકાબુ બન્યા હોય તેમ નિવૃત જીવન જીવતા વૃધ્ધને આરટીઓ ઈ-ચલણના નામે મોબાઇલમાં આવેલ મેસેજ મોકલી રૂ.૧૦.૬૬ લાખની ઠગાઈ કર્યાની વૃધ્ધના પુત્રએ ફરીયાદ કરતા સાયબર ક્રાઈમ પોલીસે મોબાઈલમાં મેસેજ મોકલનાર અને ફોડના નાણા ટ્રાન્સફર કરાવનાર ગઠીયાઓ સામે ગુનો નોધી કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ કાલાવાડ રોડ પર રોયલ પાર્કમાં રહેતા અને પ્રાઈવેટ નોકરી કરતા ચીરાગભાઈ બાબુભાઈ ડેડકીયા નામના યુવકે સાયબર માફીયાઓ સામે ફરીયાદ કરી હતી. જેમા તેને જણાવ્યુ હતુ કે તેના પિતા બાબુભાઈ (ઉ.૭૪) નિવૃત જીવન જીવતા હોય તેના મોબાઈલમાં એક આરટીઓનો ઈ-ચલણ મેસેજ આવ્યો હતો જે મેસેજ કલીક કરતા મોબાઈલ હેક થઈ ગયો હતો. જે મોબાઈલમાં વૃધ્ધના પત્નીનુ બેંક ખાતાની લીન્ક હોય તેના ખાતામાંથી કટકે કટકે રૂ.૧૦.૬૬ લાખ ઓન લાઈન ટ્રાન્સફર થઈ ગયાના મેસેજ આવ્યા હતા. જેથી તપાસ કરતા તેના પિતાના મોબાઈલ માંથી મેસેજ માતાના મોબાઈલમાં ફોરવર્ડ થયા હોય. જાણ કરતા ચીરાગ ભાઈએ સાયબર ક્રાઈમ હેલ્પલાઈનમાં ફોન કરી જાણ કરી ફરીયાદ કરી હતી જે ફરીયાદના આધારે પીએસઆઈ મહાલે સહીતે અજાણ્યા શખસો સામે ગુનો નોધી આરોપીઓને પકડી લેવા કાર્યવાહી કરી છે.

# ગાંધીનગર મનપાના ઇન્ચાર્જ આસિ. કમિશનર રૂપિયા ૧ લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા

## વાહન ટેક્સની વિસંગતતામાં એજન્સીનું લાયસન્સ રદ ન કરવા માટે માંગી હતી લાંચ : એ.સી.બી.એ ભ્રષ્ટ અધિકારીની ઓફિસમાં જ છટકું ગોઠવી તેને દબોચ્યો

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગાંધીન્ગર મહાનગરપાલિકામાં ભ્રષ્ટાચારનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એન્ટી કરપ્શન બ્યુરોએ ૨૦ માર્ચના રોજ એક સફળ ટ્રેપ ગોઠવીને મહાનગર પાલિકાના ઇન્ચાર્જ આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર અને ટેક્સ કલેક્ટર (વર્ગ-૧) ઉપેન્દ્ર સુતરીયાને ૧ લાખ રૂપિયાની લાંચ લેતા તેમની જ ઓફિસમાં રંગેહાથ ઝડપી પાડયો હતો.



ફરિયાદી એક વાહનોના ઓથોરાઈઝડ ડીલર છે. તેમણે વેચેલા એક વાહનના ટેક્સ ભરવા બાબતે મહાનગરપાલિકામાં

કેટલીક વિસંગતતાઓ ઊભી થઈ હતી. આ બાબતે આરોપી ઉપેન્દ્ર સુતરીયાએ ફરિયાદી સામે કાયદેસરની કાર્યવાહી નહીં કરવા, પોલીસ ફરિયાદ ન કરવા તેમજ તેમની એજન્સીનું લાયસન્સ રદ ન કરવાના બદલામાં ૧ લાખ રૂપિયાની લાંચની માંગણી કરી હતી.

ફરિયાદી આ લાંચના નાણાં આપવા માંગતા ન હોવાથી તેમણે ગાંધીનગર એસીબીનો સંપર્ક કર્યો હતો. ફરિયાદીની ફરિયાદના આધારે એ.સી.બી.ની ટીમે મહાનગરપાલિકાની કચેરીમાં જ છટકું ગોઠવ્યું હતું. આરોપીએ જ્યારે પોતાની ઓફિસમાં ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચની રકમ સ્વીકારી, ત્યારે જ એ.સી.બી.ની ટીમે ત્રાટકીને તેમને રંગેહાથ પકડી લીધા હતા.

એ.સી.બી.એ લાંચની પૂરેપૂરી રકમ રિકવર કરી આરોપી વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. વર્ગ-૧ના અધિકારી લાંચ લેતા ઝડપાતા મનપા સંકુલમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# આણંદપર ગામે મહિલાનો ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ

પુત્ર માસીની દીકરીને ભગાડી જતા માતાને લાગી આવ્યું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના આણંદપર વિસ્તારમાં રહેતા અને મારવાડી કોલેજમાં સિક્યોરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા એક વૃદ્ધાએ પોતાના જ પુત્રના પરાક્રમો અને ત્યારબાદ મળતી ધમકીઓથી કંટાળીને ફિનાઈલ પી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે. હાલ આ મહિલાને ગંભીર હાલતમાં રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, આણંદપરમાં રહેતા અમીતાબેન વાલજીભાઈ જાદવ (ઉં.વ. ૬૦) ગઈકાલે સાંજે આશરે ૭૦૦ વાગ્યે પોતાના ઘરે હતા, ત્યારે તેમણે ઘરમાં પડેલું ફિનાઈલ પી લીધું હતું.બાદમાં તેમને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અમીતાબેનને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે. આ આત્મહત્યાના પ્રયાસ પાછળ પારિવારિક વિખવાદ જવાબદાર હોવાનું સામે આવ્યું છે.અમીતાબેનનો પુત્ર જીતેન્દ્ર, પોતાની જ સગી માસી મંજુબેન મનુભાઈ રાઠોડ (રહે. થોરાળા)ની દીકરી પૂજાને પ્રેમજાળમાં ફસાવીને ભગાડી ગયો છે. પુત્રના આ કૃત્યને કારણે પરિવારમાં ભારે તણાવ ઊભો થયો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, પુત્ર જીતેન્દ્ર માસીની દીકરીને લઈને ભાગી જતાં, સામા પક્ષ તરફથી અને સંબંધીઓ તરફથી અમીતાબેનને સતત મેણા-ટોણા અને ધમકીઓ આપવામાં આવતી હતી. પુત્રના કૃત્યને કારણે સમાજમાં મોઢું બતાવ-વું મુશ્કેલ બન્યું હતું અને ઉપરથી મળતી સતત ધમકીઓને કારણે માનસિક રીતે ભાંગી પડેલા અમીતાબેને અંતે કંટાળીને આ આત્યંતિક પગલું ભરી લીધું હતું.

# કંપનીમાંથી છુટીને ઘરે જતી વેળાએ ગોંડલ ચોકડી પાસે અકસ્માત થતા રાધાનગરના વૃધ્ધનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ રોડ ચોકડી સર્વિસ રોડ પર હિટ એન્ડ રનનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. - જેમાં કંપનીએથી છુટી પરત ઘરે જતા વૃધ્ધને ટ્રકના ચાલકે ઠોકરે લેતા બાઈક સહિત ફગોળાઈ જતા ગંભીર ઈજા પહોંચવાથી ઘટના સ્થળે જ મોત નિપજયું હતું.અકસ્માત બાદ ટ્રક ચાલક ફરાર થઈ જતા પોલીસે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

૮૦ ફુટ રોડ લાલપાર્ક નજીક રાધાનગર-૪માં રહેતા અશ્વિનકુમાર ગીરધરભાઈ અગ્રાવત ઉ.૬૦ નામના વૃધ્ધ સાંજે પાંચેક વાગ્યે પોતાનું બાઈક હંકારીને જતા હતા.ત્યારે ગોંડલ રોડ ક્રિષ્ના મારબલ નજીક સર્વિસ રોડ પર આઈસરના ચાલકે બાઈકને ઠોકરે ચડાવતા વૃધ્ધ રોડ પર ફંગોળાઈ જતા ગંભીર ઈજા પહોંચવાથી ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત નિપજયુ હતું.બનાવના પગલે લોકોના ટોળા એકઠા થયા હતા.૧૦૮ને જાણ કરતા ઈએમટી સહિતના સ્ટાફે વૃધ્ધને તપાસી મૃત જાહેર કરી આજીડેમ પોલીસને જાણ કરતા એએસઆઈ જે.કે.કુરીયા સહિતનો સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડી તપાસ હાથ ધરતા મૃતક ત્રણ ભાઈ અને એક બહેનમાં વચેટ હતા.સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે. પોતે કંપનીમાં નોકરી કરતા હતા.હાલ અકસ્માત સર્જી ફરાર થયેલા ચાલક સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

# સરકારી વાહન ૨.૫૦ લાખ કિમી ફરેલું હોય અને ૧૦ વર્ષ થયા હોય તો પણ રદ કરાશે

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

રાજ્યના વાહન વ્યવહાર વિભાગ દ્વારા સરકારી વાહનો રદબાતલ કરવા માટે નવી કાર્યપધ્ધતિ જાહેર કરાઈ છે. સરકારની સૂચના અને માપદંડોમાં સમાવેશ થતો હોય તેમ છતાં વાહનો નિયત સમયે રદબાતલ કરવામાં આવતા ન હતા. સમયસર નિકાલ ન થતા અને વાહનો બંધ પડી રહેતા હોવાથી સરકારને નિકાલ વખતે પણ ઓછી કિમત આવતી હોવાથી નુકસાન થતું હતું.




સરકારી વાહનોને રદબાતલ કરવા સંદર્ભે વાહન વ્યવહાર વિભાગે માર્ચ-૨૦૨૬માં જારી કરેલી કાર્ય પધ્ધતિ મુજબ વાહન અઢી લાખ કિલોમીટર ફરેલું હોય અને ૧૦ વર્ષ પૂર્ણ થઈ ગયા હોય તો કચેરીના વડા દ્વારા તેને રદબાતલ જાહેર કરી શકાશે. જો વાહન અઢી લાખ કિલોમીટર ફરેલું હોય પણ ૧૦ વર્ષ પૂર્ણ ન થાય હોય કે અઢી લાખ કિલોમીટર ફરેલું ન હોય પરંતુ ૧૦ વર્ષ પૂર્ણ થઈ ગયા હોય તેવા સંજોગોમાં વાહન ઉપયોગમાં લેવાપાત્ર ન હોય તો પણ તેને કચેરીના વડા દ્વારા રદ કરી શકાશે. આ બન્ને શરતો પૂર્ણ ન થતી હોય છતાં વાહન ઉપયોગમાં લઈ શકાય તેમ ન હોય તો નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા વિભાગ અથવા માર્ગ મકાન વિભાગ હસ્તકના અધિક્ષક ઈજનેરનો અભિપ્રાય લઈ નિર્ણય લઈ શકાશે.

કેન્દ્રીય મોટર વાહન નિયમ મુજબ ૧૫ વર્ષ કે તેથી વધુ આયુ ધરાવતા સરકારી વાહનોને ફરજીયાત રજીસ્ટર્ડ વ્હિકલ સ્ક્રેપિગ સુવિધા મારફતે સ્ક્રેપ કરવામાં આવશે. વાહનને ૧૫ વર્ષ ન થયા હોય પરંતુ ઓથોરિટી દ્વારા વાહનને રદબાતલ કરવું પડે તેવી સ્થિતિ હોય તો તેને સ્ક્રેપ કરવું કે તેનો જાહેર હરાજીથી ઉપયોગ માટે નિકાલ કરવો તે વાહનની મૂળ કચેરી દ્વારા નિર્ણય લેવામાં આવશે.